# કલાપૂર્ણ સ્વાધ્યાય

# વિતરાગ સ્તોત્ર સાર્થ

૬

સંપાદક :

પૂ. મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

પ.પૂ.આ.ભ.શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.ના અંતિમ દર્શન તેમજ ચરણમાં નમન કરતા
શિષ્ય મુનિ અમિતયશ વિ.મ. કેશવણા રાજ. ૨૦૫૮ મહાસુદ-૪

॥ श्री शत्रुंजय महातीर्थाय नमः ॥

॥ श्री प्रभ-जीत-हीर-कनक-देवेन्द्र-कंचन-कलापूर्णसूरि सद्गुरुभ्यो नमः ॥

# કલાપૂર્ણ સ્વાધ્યાય

## વીતરાગસ્તોત્ર સાર્થ

૬

● દિવ્યાશિષ દાતા ●

પૂ. અધ્યાત્મયોગી આચાર્ય શ્રી
વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.,

● શુભાશિષ દાતા ●

પૂ. પ્રવચનકાર આચાર્ય
શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

● સંપાદક ●

પૂ. મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

# પ્રસ્તાવના

આપણે બધા મહાન પુન્યોદયે પરમાત્માના શાસનને પામ્યા છીએ.

આ અપૂર્વ શાસનને પામીને આપણી ધર્મ આરાધના દિવસે દિવસે વધવી જોઇએ. આ પુસ્તકમાં વીતરાગ સ્તોત્ર અર્થ સહિત આપવામાં આવ્યું છે. જે ચતુર્વિધ સંઘમાં ઉપયોગી બનશે.

સૂત્રોને અર્થ સહિત ભણીએ તો જ આત્માના આનંદને પ્રાપ્ત કરી શકાય.

જેમના જીવનમાંથી ગયો છે રાગ એ બની ગયા વિતરાગ. આપણે પણ એ માર્ગે જવા માટે પ્રયત્ન કરીએ.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઇ છપાયુ હોયતો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

જ્ઞાન ભક્તિમાં લાભ લેનારની ભૂરિ-ભૂરિ અનુમોદના.

મુનિ અમિતયશ વિ.

सहायक : मुनिश्री आगमयश वि.म.सा.

किंमत : रु. १०/-

# शुभ आलंबन

## २०६०ना यशस्वी चातुर्मास अंधेरी (ई), चकाला निमित्ते

卐

प.पू.आ.भ. श्री कलापूर्ण सू.म.सा.ना
शिष्य पू. मुनि श्री अमितयश वि. म.सा.नी
वर्धमान तपनी ६६-६७ मी ओळी तथा
पू. मुनि श्री आगमयश वि. म.सा.नी
२४-२५-२६मी ओळीनी अनुमोदनार्थे

# શ્રીવીતરાગસ્તોત્રમ્

## પ્રકાશ-૧

યઃ પરાત્મા પરંજ્યોતિઃ, પરમઃ પરમેષ્ઠિનામ્ ।
આદિત્યવર્ણં તમસઃ, પરસ્તાદામનન્તિ યમ્ ॥૧॥

અર્થ : જે પરમાત્મા, પરમ જ્યોતિ અને પરમેષ્ઠિઓમાં શ્રેષ્ઠ છે, જેમને પંડિત પુરુષો અજ્ઞાનથી દૂર ગયેલા અને સૂર્ય જેવા ઉદ્યોત કરવાવાળા માને છે. ॥૧॥

સર્વેયેનોદમૂલ્યન્ત, સમૂલાઃ ક્લેશપાદપાઃ ।
મૂર્ધ્ના યસ્મૈ નમસ્યન્તિ સુરાસુરનરેશ્વરાઃ ॥૨॥

અર્થ : જેઓએ રાગાદિ કલેશ રૂપી વૃક્ષોને ઉખેડી નાંખ્યા છે ! જેમને સુર, અસુર, અને મનુષ્યના સ્વામિઓ મસ્તક વડે નમસ્કાર કરે છે. ॥૨॥

પ્રાવર્ત્તન્ત યતો વિદ્યાઃ, પુરુપાર્થપ્રસાધિકાઃ ।
યસ્ય જ્ઞાનં ભવદ્ભાવિભૂતભાવાવભાસકૃત્ ॥૩॥

અર્થ : જેમનાથી પુરુષાર્થ (ધર્મ-અર્થ કામ અને મોક્ષ)ને સિદ્ધ કરનારી વિદ્યાઓ પ્રવર્તેલી છે, જેમનું જ્ઞાન વર્તમાન, ભાવિ અને ભૂત ભાવોને પ્રકાશનારું છે. ॥૩॥

યસ્મિન્વિજ્ઞાનમાનન્દં, બ્રહ્મ ચૈકાત્મતાં ગતમ્ ।
સ શ્રદ્ધેયઃ સ ચ ધ્યેયઃ, પ્રપદ્યે શરણં ચ તમ્ ॥૪॥

અર્થ : જેમનામાં વિજ્ઞાન (કેવળજ્ઞાન) આનંદ (સુખ) અને (બ્રહ્મ)-પરમપદ એ ત્રણે એક પણાને પામેલ છે, તે શ્રદ્ધેય છે. ધ્યેય છે. તેમનું હું શરણ અંગીકાર કરું છું ॥૪॥

તેન સ્યાં નાથવાઁસ્તસ્મૈ, સ્પૃહયેયં સમાહિતઃ ।
તતઃ કૃતાર્થો ભૂયાસં, ભવેયં તસ્ય કિઙ્કરઃ ॥૫॥

અર્થ : તેમનાથી હું સનાથ છું. તેમને સમાધિ યુત મન વાળો હું ઇચ્છું છું, તેમનાથી કૃત કૃત્ય થાઉં છું. અને તેમનો હું ચાકર છું. ॥૫॥

તત્ર સ્તોત્રેણ કુર્યાં ચ, પવિત્રાં સ્વાં સરસ્વતીમ્ ।
ઇદં હિ ભવકાન્તારે, જન્મિનાં જન્મનઃ ફલમ્ ॥૬॥

અર્થ : ઉપર બતાવેલા પ્રભુ વિષે સ્તુતિ કરવા હું મારી વાણીને પવિત્ર કરૂં છું. કારણ કે આ ભવ રૂપી અટવીમાં પ્રભુનું સ્તવન કરવું એજ આ જન્મ ધરનારાઓના જન્મનું ફળ છે. ॥૬॥

ક્વાહં પશોરપિ પશુ-ર્વીતરાગસ્તવઃ ક્વ ચ ? ।
ઉત્તિતીર્ષુરરણ્યાનીં, પદ્ભ્યાં પઙ્ગુરિવાસ્મ્યતઃ ॥૭॥

અર્થ : પશુથી પણ પશુ એવો હું ક્યાં ? અને સુર-ગુરુથી પણ અશક્ય એવી વીતરાગ પ્રભુની સ્તુતિ-સ્તવન ક્યાં ? એ કારણે બે પગ વડે મોટી અટવીનું ઉલ્લંઘન કરવાને ઇચ્છતા પંગુની જેવો હું છું. ॥૭॥

તથાપિ શ્રદ્ધામુગ્ધોઙહં, નોપાલભ્યઃ સ્ખલન્નપિ ।
વિશ્રૃઙ્ખલાપિ વાગ્વૃત્તિઃ, શ્રદ્ધાનસ્ય શોભતે ॥૮॥

અર્થ : તો પણ શ્રદ્ધાથી મુગ્ધ એવો હું પ્રભુની સ્તુતિ કરવામાં સ્ખલના પામવાં છતાં ઉપાલંભને પાત્ર નથી, શ્રદ્ધાળુ આત્માની અસંબંધ વાક્ય રચના પણ શોભે છે ॥૮॥

શ્રીહેમચન્દ્રપ્રભવાદ્વીતરાગસ્તવાદિત : ।
કુમારપાલભૂપાલઃ, પ્રાપ્નોતુ ફલમીપ્સિતમ્ ॥૯॥

અર્થ : શ્રી હેમચંદ્ર સૂરિએ રચેલ આ શ્રી વીતરાગ સ્તવથી શ્રી કુમારપાલ રાજા શ્રદ્ધા વિશુદ્ધિ લક્ષણ અને કર્મક્ષય લક્ષણ રૂપ ઇચ્છિત ફળને પ્રાપ્ત કરો ॥૯॥

## પ્રકાશ-૨

પ્રિયઙ્ગુ-સ્ફટિક-સ્વર્ણ-પદ્મરાગાઞ્જનપ્રભઃ ।
પ્રભો: તવાધૌતશુચિઃ, કાયઃ કમિવ નાક્ષિપેત ॥૧॥

અર્થ : હે પ્રભો ! પ્રીયંગુની જેમ નીલ, સ્ફટિકની જેમ ઉજ્જવલ, સ્વર્ણની જેમ પીળો, પદ્મ રાગની જેમ રાતો અને અંજનની જેમ શ્યામ કાંતિવાળો અને સાફ કર્યા વિના જ પવિત્ર એવો આપનો દેહ કોને આશ્ચર્યચકિત ન કરે ? ॥૧॥

મન્દારદામવન્નિત્ય-મવાસિતસુગન્ધિનિ ।
તવાઙ્ગે ભૃઙ્ગતાં યાન્તિ, નેત્રાણિ સુરયોષિતામ્ ॥૨॥

અર્થ : કલ્પવૃક્ષના પુષ્પોની માલાની જેમ સ્વભાવથી જ સુગંધી એવા આપના શરીરને વિષે દેવાંગનાઓના નયનો ભ્રમરપણાને પામે છે ।।૨।।

દિવ્યામૃતરસાસ્વાદ-પોષપ્રતિહતા ઈવ ।
સમાવિશન્તિ તે નાથ ! નાઙ્ગે રોગોરગવ્રજાઃ ।।૩।।

અર્થ : હે નાથ ! દિવ્ય અમૃતરસના આ સ્વાદની પુષ્ટિથી જાણે પરાભવ પામ્યા ન હોય તેમ રોગ રૂપી સર્પના સમુહો આપના શરીરને વિષેં પ્રવેશ પામતા નથી ।।૩।।

ત્વય્યાદર્શતલાલીન-પ્રતિમાપ્રતિરુપકે ।
ક્ષરત્સ્વેદવિલીનત્વ-કથાઽપિ વપુષઃ કુતઃ ? ।।૧।।

અર્થ : દર્પણના તલની અંદર પ્રતિબિંબિત થયેલા પ્રતિબિંબની જેમ સ્વચ્છ એવા આપને વિષે શરીરથી ઝરતા પરસેવાથી ભીંજાવાની વાત પણ ક્યાંથી હોય ? ।।૪।।

ન કેવલં રાગમુક્તં, વીતરાગ ! મનસ્તવ ।
વપુઃસ્થિતં રક્તમપિ, ક્ષીરધારાસહોદરમ્ ।।૫।।

અર્થ : હે વીતરાગ ! કેવળ આપનું મન રાગ રહિત છે એમ નથી પણ આપના શરીરમાં રહેલું શોણિત પણ દૂધની ધારા જેવું ઉજ્જવળ છે ॥૫॥

જગદ્વિલક્ષણં કિં વા, તવાન્યદ્વક્તુમીશ્મહે ? ।
યદવિસ્ત્રમબીભત્સં, શુભ્રં માંસમપિ પ્રભો । ॥૬॥

અર્થ : અથવા હે પ્રભો ! જગતથી વિલક્ષણ એવું આપનું બીજું કેટલું વર્ણન કરવા અમે સમર્થ થઈ શકીએ ? કારણ કે આપનું માંસ પણ દુર્ગંધ વિનાનું તથા દુગંછા વિનાનું ઉજ્જવળ છે ॥૬॥

જલસ્થલસમુદ્ભૂતાઃ, સન્ત્યજ્ય સુમનઃસ્ત્રજઃ ।
તવ નિઃશ્વાસસૌરભ્ય-મનુયાન્તિ મધુવ્રતાઃ ॥૭॥

અર્થ : જલ અને સ્થલને વિષે ઉત્પન્ન થયેલા પુષ્પોની માલાઓનો ત્યાગ કરીને ભ્રમરો આપના નીકળતા શ્વાસની સુગંધ લેવા માટે આપની પાછળ આવે છે ॥૭॥

લોકોત્તરચમત્કારકરી તવ ભવસ્થિતિઃ ।
યતો નાહારનીહારૌ, ગોચરશ્ચર્મચક્ષુષામ્ ॥૮॥

અર્થ : આપની ભવસ્થિતિ અપૂર્વ આશ્ચર્યકારી છે. કારણ કે આપના આહાર અને નિહાર ચર્મચક્ષુ વાળાઓને અગોચર અદશ્ય છે ॥૮॥

## પ્રકાશ-૩

સર્વાભિમુખ્યતો નાથ ! તીર્થકૃન્નામકર્મજાત્ ।
સર્વથા સમ્મુખીનસ્ત્વ-માનન્દયસિ યત્પ્રજાઃ ॥૧॥

અર્થ : હે નાથ ! તીર્થંકર નામ કર્મથી ઉત્પન્ન થયેલા સર્વાભિમુખ્ય નામના (સર્વ દિશા ઓમાં સન્મુખ રૂપ) અતિશયથી કેવળજ્ઞાન ના પ્રકાશ વડે સર્વ દિશાઓમાં સન્મુખ રહેલા એવા આપ દેવ મનુષ્યાદિ સર્વ લોકોને સર્વ રીતે આનંદ પમાડો ॥૧॥

યદ્યોજનપ્રમાણેડપિ, ધર્મદેશનસદ્મનિ ।
સમ્માન્તિ કોટિશસ્તિર્યગ્નૃદેવાઃ સપરિચ્છદાઃ ॥૨॥

અર્થ : હે વીતરાગ ! એક યોજન પ્રમાણ સમવસરણમાં પોતપોતાના પરિવાર સહિત ક્રોડોતિર્યંચ, મનુષ્ય અને દેવતાઓ સમાઈ જાય છે ॥૨॥

તેષામેવ સ્વસ્વભાષા-પરિણામમનોહરમ્ ।
અપ્યેકરૂપ વચનં, યત્તે ધર્માવબોધકૃત્ ॥૩॥

અર્થ : હે જિનેશ્વર ! આપની (અર્ધ માગધી) ભાષામાં કહેલી પણ વાણી તેઓને (તિર્યંચ મનુષ્ય અને દેવોને)પોતપોતાની ભાષામાં પરિણમી જવાથી મનોહર લાગે છે. અને ધર્મનો બોધ કરનારી બને છે. ॥૩॥

સાગ્રેડપિયોજનશતે, પૂર્વોત્પન્ના ગદામ્બુદાઃ ।
યદઞ્જસા વિલીયન્તે, ત્વદ્વિહારાનિલોર્મિભિઃ ॥૪॥

અર્થ : હે સર્વજ્ઞ ! આપના વિહારરૂપ પવનની લહેરીઓથી સવાસો યોજનમાં પૂર્વે (છ મહિના પહેલાં) ઉત્પન્ન થયેલાં રોગરૂપી વાદળાઓ તુર્તજ વિલય પામે છે ॥૪॥

નાવિર્ભવન્તિ યદ્દૂભૂમૌં, મૂષકાઃ શલભાઃ શુકાઃ ।
ક્ષણેન ક્ષિતિપક્ષિપ્તા, અનીતય ઈવેતયઃ ॥૫॥

અર્થ : હે જગતપ્રભુ ! રાજાઓ વડે દૂર કરાયેલી અનીતિઓની જેમ ઉંદર, તીડ અને પોપટ સૂડા

વગેરેના ઉપદ્રવો (આપના વિહારથી) ભૂમિ પર નાબૂદ થઈ જાય છે અને નવીન ઉત્પન્ન પણ થતાં નથી ॥૫॥

સ્ત્રીક્ષેત્રપદ્રાદિભવો, યદ્વૈરાગ્નિઃ પ્રશામ્યતિ ।
ત્વત્કૃપાપુષ્કરાવર્ત-વર્ષાદિવ ભુવસ્તલે ॥૬॥

અર્થ: હે દેવાધિદેવ ! આપની કૃપારૂપી પુષ્કરાવર્તના મેઘની વૃષ્ટિથી જાણે ન હોય તેમ (આપના વિહારથી) ભૂતલે સ્ત્રી, ક્ષેત્ર, નગર આદિથી ઉત્પન્ન થયેલો વૈરરૂપી અગ્નિ શમી જાય છે. ॥૬॥

ત્વત્પ્રભાવે ભુવિ ભ્રામ્યત્યશિવોચ્છેદડિણ્ડિમે ।
સમ્ભવન્તિ ન યન્નાથ ! મારયો ભુવનારયઃ ॥૭॥

અર્થ : હે નાથ ! ઉપદ્રવોના નાશ માટે પટહનાદ સમાન આપનો પ્રભાવ પૃથ્વી પર પ્રસરિત થયે છતે જગતના શત્રુ રૂપ ભૂત, મારી, મરકી આદિના ઉપદ્રવો ઉત્પન્ન થતાં નથી ॥૭॥

કામવર્ષિણિ લોકાનાં, ત્વયિ વિશ્વૈકવત્સલે ।
અતિવૃષ્ટિરવૃષ્ટિર્વા, ભવેદ્યન્નોપતાપકૃત ॥૮॥

અર્થ : હે કરૂણાસિંધુ ! જીવોના વાંછિતને આપનારા, વિશ્વ પર અદ્વિતીય વાત્સલ્ય ભાવવાળા આપ વિદ્યમાન છતે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થતી નથી ॥૮॥

સ્વરાષ્ટ્ર-પરરાષ્ટ્રેભ્યો, યત્ક્ષુદ્રોપદ્રવા દ્રુતમ્ ।
વિદ્રવન્તિ ત્વત્પ્રભાવાત્; સિંહનાદાદિવ દ્વિપાઃ ॥૯॥

અર્થ : હે પુરુષસિંહ ! સિંહ ગર્જનાથી જેમ હાથીઓ નાસી જાય છે-ત્રાસ પામે છે તેમ સ્વરાષ્ટ્રથી કે પરરાષ્ટ્રથી ઉત્પન્ન થયેલા ક્ષુદ્ર ઉપદ્રવો આપના પ્રભાવથી તુર્તજ ભાગી જાય છે ॥૯॥

યત્ક્ષીયતે ચ દુર્ભિક્ષં, ક્ષિતૌ વિહરતિ ત્વયિ ।
સર્વાદ્ભૂતપ્રભાવાઢ્યે, જઙ્ગમે કલ્પપાદપે ॥૧૦॥

અર્થ : હે વિશ્વેશ ! સર્વ પ્રકારના આશ્ચર્યકારી પ્રભાવોથી સમૃદ્ધ જંગમ કલ્પવૃક્ષ સમાન આપનો ભૂમિ પર વિહાર થતાં દુકાળ ક્ષય પામે છે ॥૧૦॥

યન્મૂર્ધ્નઃ પશ્ચિમે ભાગે, જિતમાર્ત્તણ્ડમણ્ડલમ્ ।
મા ભૂદ્ વપુર્દુ રાલોકમિતીવોત્પિણ્ડિતં મહઃ ॥૧૧॥

અર્થ : હે જગદીશ્વર ! આપના શરીરને જોવામાં તકલીફ ન થાય તે માટે જ જાણે દેવોએ આપના મસ્તકની પાછળ આપના શરીરનું તેજ ભેગું કરીને સૂર્યના મંડલને પણ જીતી જનારું ભામંડળ (તેજનું મંડળ) મૂક્યું ન હોય ! ॥૧૧॥

સ એષ યોગસામ્રાજ્ય-મહિમા વિશ્વવિશ્રુતઃ ।
કર્મક્ષયોત્થો ભગવન્ ! કસ્ય નાશ્ચર્યકારણમ્ ॥૧૨॥

અર્થ : હે ભગવન્ ? ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો વિશ્વ વિખ્યાત તે આ જ્ઞાનાદિ ત્રણ યોગરૂપ સામ્રાજ્યનો મહિમા કોને આશ્ચર્ય કારી બનતો નથી ? ॥૧૨॥

અનન્તકાલપ્રચિત-મનન્તમપિ સર્વથા ।
ત્વત્તો નાન્યઃ કર્મકક્ષમુન્મૂલયતિ મૂલતઃ ॥૧૩॥

અર્થ : હે દેવાધિ દેવ ! અનંત પુદ્ગલ પરાવર્ત કાલથી ઉપાર્જેલા અનંત એવા કર્મરૂપ વનને આપના વિના બીજો કોઈ મૂલથી ઉખેડી નાંખવા સમર્થ નથી. ॥૧૩॥

તથોપાયે પ્રવૃત્તસ્ત્વં, ક્રિયાસમભિહારતઃ ।
યથાનિચ્છન્નુપેયસ્ય, પરાં શ્રિયમશિશ્રિયઃ ॥૧૪॥

અર્થ : હે પ્રભુ ! વારં વાર ચારિત્રના અભ્યાસથી આપે કર્મક્ષયનાં ઉપાયમાં એવી રીતે પ્રવૃત્તિ કરી કે જેથી મુક્તિને (પરમ પદ) નહિ ઇચ્છતા હોવા છતાં સર્વોત્કૃષ્ટ શ્રેષ્ઠ લક્ષ્મીને આપે પ્રાપ્ત કરી ॥૧૪॥

મૈત્રી પવિત્રપાત્રાય, મુદિતામોદશાલિને ।
કૃપોપેક્ષાપ્રતીક્ષાય, તુભ્યં યોગાત્મને નમઃ ॥૧૫॥

અર્થ : મૈત્રી ભાવનાના પવિત્ર પાત્ર રૂપ પ્રમોદ ભાવનાથી શોભતા તથા કરૂણા અને માધ્યસ્થ ભાવના વડે પૂજ્ય યોગ સ્વરૂપ આપને નમસ્કાર થાઓ ॥૧૫॥

## પ્રકાશ-૪

મિથ્યાદશાં યુગાન્તાર્કઃ, સુદશામમૃતાઞ્જનમ્ઃ ।
તિલકં તીર્થકૃલ્લક્ષ્મ્યાઃ, પુરશ્ચક્રં તવૈધતે ॥૧॥

અર્થ : હે કરૂણાસિંધુ ! આપની આગળ મિથ્યા. દષ્ટિઓને માટે પ્રલયકાળના સૂર્યસમાન્, સમ્યગ્દષ્ટિઓને માટે અમૃતના અંજન સમાન, તીર્થંકરની લક્ષ્મીના તિલક સમાન, ધર્મચક્ર શોભે છે. ॥૧॥

એકોડયમેવ જગતિ, સ્વામીત્યાખ્યાતુમુચ્છ્રિતા ।
ઉચ્ચૈરિન્દ્રધ્વજવ્યાજાત્તર્જની જમ્ભવિદ્વિષા ॥૨॥

અર્થ : જગતમાં આ એક જ સ્વામી છે એમ કહેવા માટે ઇન્દ્રે ઊંચા એવા ધ્વજના બહાનાથી પોતાની તર્જની આંગળી ઊંચી કરી ન હોય તેમ લાગે છે ॥૨॥

યત્ર પાદૌ પદં ધત્તસ્તવ તત્ર સુરાસુરાઃ ।
કિરન્તિ પંઙ્કજવ્યાજાચ્છ્રિયં પંઙ્કજવાસિનીમ્ ॥૩॥

અર્થ : હે કૃપાળુ ! જ્યાં આપના બે ચરણો ડગ મૂકે છે. ત્યાં દેવ અને દાનવો સુવર્ણ કમળના બ્હાનાથી કમલમાં રહેતી લક્ષ્મીને મૂકે છે ॥૩॥

દાનશીલતપોભાવ-ભેદાદ્ધર્મં ચતુર્વિધમ્ ।
મન્યે યુગપદાખ્યાતું, ચતુર્વક્ત્રોઽભવદ્‌ભવાન્ ॥૪॥

અર્થ : હે કૃપનિધિ ! દાન, શીલ તપ અને ભાવના એ ચાર ભેદોથી ચાર પ્રકારના ધર્મને એકી સાથે કહેવા માટે આપ ચાર મુખવાળા થયા છો એમ હું માનું છું. ॥૪॥

ત્વયિ દોષત્રયાત્ત્રાતું, પ્રવૃત્તે ભુવનત્રયીમ્ ।
પ્રાકારત્રિતયં ચક્રુસ્ત્રયોઽપિ ત્રિદિવૌકસઃ ॥૫॥

અર્થ : હે વિશ્વબધું ! ત્રણે જગતને રાગ-દ્વેષ અને મોહ રૂપ ત્રણે દોષથી રક્ષણ કરવા માટે આપ પ્રવૃત્ત થયા ત્યારે. વૈમાનિક ભવન પતિ અને જ્યોતિષ્ક એ ત્રણે પ્રકારના દેવોએ ત્રણ (રત્ન, સુવર્ણ અને રૂપાના)ગઢની રચના કરી ॥૫॥

અધોમુખાઃ કણ્ટકાઃ સ્યુર્ધાત્ર્યાં વિહરસ્તસ્તવ ।
ભવેયુઃ સમ્મુખીનાઃ કિં, તામસાસ્તિગ્મરોચિષઃ ॥૬॥

અર્થ : હે વિશ્વૈક વત્સલ ! પૃથ્વી ઉપર આપનો વિહાર થતાં કાંટાઓ અધો મુખવાળા (ઉંધા) થાય છે. સૂર્ય ઉદય પામતાં ઘુવડ અથવા અંધકાર શું સૂર્યની સામે જોઈ શકે ખરા ? ॥૬॥

કેશરોમનખશ્મશ્રુ, તવાવસ્થિતમિત્યયમ્ ।
બાહ્યોડપિ યોગમહિમા, નાપ્તસ્તીર્થકરૈઃ પરૈઃ ॥૭॥

અર્થ : હે વિશ્વાનંદ ! આપના કેશ, રોમ, નખ અને દાઢી મૂછના વાળ દીક્ષા ગ્રહણ કર્યા બાદ જેટલા હોય તેટલા જ રહે છે. આવો બહારનો પણ યોગ મહિમા અન્ય હરિ હરાદિ દેવોએ પ્રાપ્ત કર્યો નથી ॥૭॥

શબ્દરૂપરસસ્પર્શ-ગન્ધાખ્યાઃ પઞ્ચ ગોચરાઃ ।
ભજન્તિ પ્રાતિકૂલ્યં ન, ત્વદગ્રે તાર્કિકા ઈવ ॥૮॥

અર્થ : હે વિશ્વેશ્વર ! આપની આગળ બૌદ્ધ સાંખ્ય સૈવ મિમાંસક અને નૈયાયિક એ પાંચ તાર્કિકોની

જેમ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચે ઈન્દ્રિયોના વિષયો પ્રતિકૂલ બનતા નથી અર્થાત્ અનુકુળ રહે છે ॥૮॥

ત્વત્પાદાવૃતવઃ સર્વે, યુગપત્પર્યુપાસતે ।
આકાલકૃતકન્દર્પ - સાહાયકભયાદિવ ॥૯॥

અર્થ : હે કામજીત ! અનાદિકાલથી કામદેવને કરેલી સહાયના ભયથી જાણે સઘળી (છએ) ઋતુઓ એકી સાથે આપના ચરણોની ઉપાસના કરે છે ॥૯॥

સુગન્ધ્યુદકવર્ષેણ, દિવ્યપુષ્પોત્કરેણ ચ ।
ભાવિત્વત્પાદ સંસ્પર્શાં પૂજયન્તિ ભુવં સુરાઃ ॥૧૦॥

અર્થ : હે સેવ્ય ! આપના ચરણો સ્પર્શ ભવિષ્યમાં જ્યાં થવાનો છે ત્યાં (તેભૂમિને) દેવો સુંગધી જલ અને પુષ્પોથી પૂજે છે ॥૧૦॥

જગત્પ્રતીક્ષ્ય ત્વાં યાન્તિ, પક્ષિણોઽપિ પ્રદક્ષિણમ્।
કા ગતિર્મહતાં તેષાં, ત્વયિ યે વામવૃત્તયઃ ? ॥૧૧॥

અર્થ : હે જગત્પૂજ્ય ! પક્ષીઓ પણ આપને પ્રદક્ષિણા આપે છે. તો પછી આપના પ્રત્યે પ્રતિકૂલ વર્તન કરનારા મોટા ગણાતા. (મનુષ્યજન્મ, શાસ્ત્રાભ્યાસ આદિની અપેક્ષાએ પક્ષીઓથી મોટાઓની) લોકોની શી ગતિ થશે ॥૧૧॥

પઞ્ચેન્દ્રિયાણાં દૌઃશીલ્યં, ક્વ ભવેદ્ભવન્તિકે ? ।
એકેન્દ્રિયોઽપિ યન્મુઞ્ચત્યનિલઃ પ્રતિકૂલતામ્ ॥૧૨॥

અર્થ : હે ત્રિભુવનનાયક ! આપની આગળ પંચેન્દ્રિયોનું દુષ્ટપણું (પ્રતિકુલતા) હોય જ ક્યાંથી ? કારણ કે એકેન્દ્રિય એવો વાયુ પણ પ્રતિકૂલતાને છોડી દે છે ॥૧૨॥

મૂર્ધ્ના નમન્તિ તરવસ્ત્વન્માહાત્મ્યચમત્કૃતાઃ ।
તત્કૃતાર્થં શિરસ્તેષાં, વ્યર્થં મિથ્યાદૃશાં પુનઃ ॥૧૩॥

અર્થ : હે નમસ્કરણીય ! આપના માહાત્મ્યથી ચમત્કાર પામેલા વૃક્ષો પણ આપને નમસ્કાર કરે છે. તેથી તેમનું મસ્તક કૃતકૃત્ય છે. કિન્તુ (આપને નહિ નમનાર) મિથ્યાદષ્ટિઓના મસ્તક નિરર્થક છે ॥૧૩॥

જઘન્યતઃ કોટિસઙ્ખ્યાસ્ત્વાં સેવન્તે સુરાસુરાઃ ।
ભાગ્યસમ્ભારલભ્યેઽર્થે, ન મન્દા અપ્યુદાસતે ॥૧૪॥

અર્થ : હે જગદુપાસનીય ! ઓછામાં ઓછા એક ક્રોડ દેવો અને અસુરો આપની સેવા કરે છે. પુણ્યના પુંજથી પ્રાપ્ત થયેલા કાર્યમાં અલ્પ-બુદ્ધિવાળાઓ પણ ઉપેક્ષા (આળસ) કરતા નથી ॥૧૪॥

## પ્રકાશ-૫

ગાયન્નિવાલિવિરુતૈ-ર્નૃત્યન્નિવ ચલૈર્દલૈઃ ।
ત્વદ્ગુણૈરિવ રક્તોઽસૌ, મોદતે ચૈત્યપાદપઃ ॥૧॥

અર્થ : હે જગત્પાલક ! ભ્રમરાઓના શબ્દ વડે જાણે ગાતો હોય, પવનથી હાલતાં પાનથી જાણે નૃત્ય કરતો હોય, તથા આપના ગુણો વડે જાણે રાતો-રક્ત બન્યો હોય તેમ આ અશોક વૃક્ષ હર્ષ પામે છે. ॥૧॥

આયોજનં સુમનસોડધસ્તાન્નિક્ષિપ્તબન્ધનાઃ
જાનુદધ્નીઃ સુમનસો, દેશનોર્વ્યાં કિરન્તિ તે ॥૨॥

અર્થ : હે પુષ્પાંગી ! આપના સમવસરણમાં દેવો એક યોજન સુધી જેનાં બીંટડા નીચા છે. એવા ઘૂંટણ સુધી (જાનુપ્રમાણ) પુષ્પોને વર્ષાવે છે ॥૨॥

માલવકૈશિકીમુખ્ય-ગ્રામરાગપવિત્રિતઃ ।
તવ દિવ્યો ધ્વનિઃ પીતો હર્ષોદ્ગ્રીવૈર્મૃગૈરપિ ॥૩॥

અર્થ : હેસુધા નિર્ઝર ! માલકોશ વગેરે ગ્રામરાગથી પવિત્ર બનેલો આપનો દિવ્યધ્વનિ હર્ષ વડે ઊંચી ડોકવાળા હરણીયાઓએ પણ પીધો છે. (ઉત્કંઠાપૂર્વક સાંભળ્યો છે) ॥૩॥

તવેન્દુધામધવલા, ચકાસ્તિ ચમરાવલી ।
હંસાલિરિવ વક્ત્રાબ્જ-પરિચર્યાપરાયણા ॥૪॥

અર્થ : હે પદ્મમુખ ! ચંદ્રની કાન્તિ સમાન ઉજ્જ્વળ એવી ચામરોની શ્રેણી જાણે આપના-મુખકમલની સેવામાં તત્પર થયેલી હંસની શ્રેણી ન હોય, તેમ શોભે છે ॥૪॥

મૃગેન્દ્રાસનમારુઢે, ત્વયિ તન્વતિ દેશનામ્ ।
શ્રોતું મૃગાઃ સમાયાન્તિ, મૃગેન્દ્રમિવ સેવિતુમ્ ॥૫॥

અર્થ : હે જનકેસરી ! આપ દેશના દેવા માટે સિંહાસન પર આરુઢથાઓ છો ત્યારે દેશના સાંભળવા માટે હરણો આવે છે તે જાણે પોતાના સ્વામી સિંહની સેવા કરવા માટે આવતાં ન હોય તેમ લાગે છે. ॥૫॥

ભાસાં ચયૈઃ પરિવૃતો, જ્યોત્સ્નાભિરિવ ચંદ્રમાઃ ।
ચકોરાણામિવ દશાં, દદાસિ પરમાં મુદમ્ ॥૬॥

અર્થ : હે તેજ પૂંજ ? જ્યોત્સના વડે ચંદ્રમાં જેમ ચકોર પક્ષીના નેત્રને આનંદ આપે છે તેમ તેજના પૂંજ રૂપ ભામંડલથી યુક્ત આપ સજ્જનોની દષ્ટિને પરમ આનંદ આપો છો ॥૬॥

દુન્દુભિર્વિશ્વવિશ્વેશ !, પુરો વ્યોમ્નિ પ્રતિધ્વનન્ ।
જગત્યાપ્તેષુ તે પ્રાજ્યં, સામ્રાજ્યમિવ શંસતિ ॥૭॥

અર્થ ; હે સમસ્ત વિશ્વનાનાથ ! આકાશમાં આપની આગળ વાગી રહેલી દુંદુંભિ જાણે જગતમાં

આપ્ત પુરુષોમાં આપનુ પ્રકૃષ્ટ સામ્રાજય (ઐશ્વર્ય) છે. તેમ કહેતી ન હોય તેમ લાગે છે. ॥૭॥

તવોર્ધ્વમૂર્ધ્વં પુણ્યર્દ્ધિ-ક્રમસબ્રહ્મચારિણી ।
છત્રત્રયી ત્રિભુવન-પ્રભુત્વપ્રૌઢિશંસિની ॥૮॥

અર્થ : હે જગત્પ્રભુ ! વધતી જતી એવી આપની પુણ્ય ઋદ્ધિના ક્રમ સમાન ઉપરાઉપરી રહેલાં ત્રણ છત્રો જાણે ત્રણ ભુવનને વિષે રહેલી આપની પ્રભુતાની પ્રૌઢતાને પ્રકાશે છે. ॥૮॥

એતાં ચમત્કારકરીં, પ્રાતિહાર્યશ્રિયં તવ ।
ચિત્રીયન્તે ન કે દૃષ્ટ્વા, નાથ! મિથ્યાદશોડપિ હિ? ॥૯॥

અર્થ : હે ઐશ્વર્ય નિધિ ! આપની ચમત્કારને કરનારી આ પ્રાતિહાર્ય. રૂપ સંપત્તિને જોઈ ને ખરેખર મિથ્યાદષ્ટિઓમાં પણ કોણ આશ્ચર્ય પામતા નથી ? અર્થાત્ મિથ્યાદષ્ટિ ઓ પણ બધા આશ્ચર્ય ચકિત બને છે ॥૯॥

# પ્રકાશ-૯

લાવણ્યપુણ્યવપુષિ, ત્વયિ નેત્રામૃતાઞ્જને ।
માધ્યસ્થ્યમપિ દૌ:સ્થ્યાય, કિં પુનર્દ્વેષવિપ્લવઃ ॥૧॥

અર્થ : હે ત્રિકાલજ્ઞ ! નેત્રોને અમૃતના અંજન તુલ્ય અને લાવણ્યથી પવિત્ર દેહવાળા આપના ઉપર મધ્યસ્થ પણું (ઉદાસીન પણું) પણ ધારણ કરવું તે પણ (આપના ગુણને જાણનારને) દુ:ખ માટે થાય છે. તો પછી દ્વેષથી ઉપદ્રવ અને ગુણોમાં દોષાનું આરોપણ મહાદુ:ખને માટે થાય તેમાં તો પૂછવું જ શું ? ॥૧॥

તવાપિ પ્રતિપક્ષોઽસ્તિ, સોઽપિ કોપાદિવિપ્લુતઃ ।
અનયા કિંવદન્ત્યાપિ, કિં જીવન્તિ વિવેકિનઃ ॥૨॥

અર્થ : હે સમતાસાગર ! આપને પણ પ્રતિપક્ષ (દુશ્મન) છે અને તે પણ ક્રોધાદિથી વ્યાપ્ત છે. આવી કુત્સિત (લોકોકિત) વાર્તાથી પણ શું વિવેકી (સુદેવ અને કુદેવના ભેદને જાણનાર) જનો શું પ્રાણ ધારણ કરી શકે ? અર્થાત્ ન જ કરી શકે ॥૨॥

વિપક્ષસ્તે વિરક્તશ્ચેત્સ ત્વમેવાથ રાગવાન્ ।
ન વિપક્ષો વિપક્ષઃ કિં, ખદ્યોતો દ્યુતિમાલિનઃ ? ॥૩॥

અર્થ : હે વૈરાગ્યવારિધિ ! આપનો પ્રતિસ્પર્ધી જો રાગરહિત છે. તો તે આપ જ છો અને જો તે રાગયુક્ત છે તો તે પ્રતિસ્પર્ધી જ નથી. શું સૂર્યનો પ્રતિસ્પર્ધી આગિયો બની શકે ? ॥૩॥

સ્પૃહયન્તિ ત્વદ્યોગાય, યત્તેઽપિ લવસત્તમાઃ ।
યોગમુદ્રાદરિદ્રાણાં, પરેષાં તત્કથૈવ કા ? ॥૪॥

અર્થ : હે યોગીશ્વર ! આપના યોગની ઇચ્છા લવસત્તમ-અનુત્તર વિમાનવાસી (એક-ભવવાળા-સાતલવ આયુષ્ય ઘટવાથી ઉત્પન્ન થયેલા દેવ) કરે છે. યોગની મુદ્રાની પણ જેને ખબર નથી એવા પરદર્શનીઓને વિષે તો તે યોગની (કેવળજ્ઞાનાદિ યોગની) તો વાત પણ ક્યાંથી હોય ? ॥૪॥

ત્વાં પ્રપદ્યામહે નાથ !, ત્વાં સ્તુમસ્ત્વામુપાસ્મહે ।
ત્વત્તો હિ ન પરસ્ત્રાતા, કિં બ્રુમઃ ? કિમુ કુર્મહે ? ॥૫॥

અર્થ : હે શરણ્ય ! આપને અમે નાથ તરીકે સ્વીકારીએ છીએ. આપની સ્તુતિ કરીએ છીએ અને આપની ઉપાસના કરીએ છીએ. કારણ કે આપનાથી અધિક કોઈ રક્ષણહાર નથી. આપનીસ્તુતિ વિના બીજું શું બોલવું અને આપની સેવા સિવાય બીજું શું કરવું ? ॥૫॥

સ્વયં મલીમસાચારૈઃ, પ્રતારણપરૈઃ પરૈઃ ।
વંચ્યતે જગદપ્યેતત્કસ્ય પૂત્કુર્મહે પુરઃ ? ॥૬॥

અર્થ : હે ગુણનિધિ ! જાતે મલિન આચારવાળા અને લોકોને ઠગવામાં તત્પર એવા અન્ય બ્રહ્માદિ દેવોથી અને કુગુરુઓથી આ જગતપણ ઠગાઈ રહયું છે. આથી આપના સિવાય કોની પાસે પોકાર કરીએ ? ॥૬॥

નિત્યમુક્તાન્ જગજ્જન્મ-ક્ષેમક્ષયકૃતોદ્યમાન્ ।
વન્ધ્યાસ્તનન્ધયપ્રાયાન્ કો દેવાંશ્ચેતનઃ શ્રયેત્ ॥૭॥

અર્થ : નિત્ય મુક્ત અને જગતની ઉત્પત્તિ-સ્થિતિ અને ક્ષય કરવામાં ઉદ્યમી એવા વન્ધ્યાના પુત્ર

સમાન દેવોનો ક્યો બુદ્ધિશાળી (ચેતનવાન) આશ્રય કરે ? નજ કરે ॥૭॥

કૃતાર્થા જઠરોપસ્થ-દુઃસ્થિતૈરપિ દૈવતૈઃ ।
ભવાદૃશાન્નિહ્નુવતે, હાહા ! દેવાસ્તિકાઃ પરે ॥૮॥

અર્થ : હે જીતેન્દ્રિય ! ઉદર અને ઉપસ્થ-ઈન્દ્રિયોથી દુઃખી થયેલા દેવોથી પણ કૃતાર્થ થયેલા કુતીર્થિકો આપના જેવાનો અપલાપ કરે છે. તે ખરેખર અત્યંત દુઃખદાયક છે. બહુ ખેદની વાત છે. ॥૮॥

ખપુષ્પપ્રાયમુત્પ્રેક્ષ્ય, કિઞ્ચિન્માનં પ્રકલ્પ્ય ચ ।
સમ્માન્તિ દેહે ગેહે વા, ન ગેહેનર્દિનઃ પરે ॥૯॥

અર્થ : હેવિનમ્ર ! ઘરમાં જ બહાદૂર એવા પરવાદિઓ આકાશનાપુષ્પના જેવી કંઈક કલ્પના કરીને અને તેને સિદ્ધ કરવા કોઈ પ્રમાણ કલ્પીને (કલ્પિત તત્વના અભિમાનથી) ઘરમાં (સ્વદર્શનમાં) કે સ્વદેહમાં પણ સમાતા નથી. અમારો જ ધર્મ શ્રેષ્ઠ છે એમ માની ફોગટ ફૂલાય છે. ॥૯॥

કામરાગસ્નેહરાગા-વીષત્કરનિવારણૌ ।
દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્, દુરુચ્છેદઃ સતામપિ ॥૧૦॥

અર્થ : હે વીતરાગ ! કામરાગ અને સ્નેહ રાગનું નિવારણ સહેલું છે. પરંતુ પાપિષ્ઠ એવો દષ્ટિ રાગ સજ્જનોને પણ દુરુચ્છેદ છે ॥૧૦॥

પ્રસન્નમાસ્યં મધ્યસ્થે, દશૌ લોકમ્પૃણં વચઃ ।
ઈતિ પ્રીતિપદે બાઢં, મૂઢાસ્ત્વય્યપ્યુદાસતે ॥૧૧॥

અર્થ : હે નિરંજન ! પ્રસન્ન મુખ-નિર્મલ લોચન અને લોકપ્રિય વચન ને ધારણ કરનારા એવા અત્યંત પ્રીતિના ધામરૂપ આપના ઉપર પણ મૂઢ લોકો (પરતીર્થિકો) ઉદાસીનતા (અનાદર ભાવ) રાખે છે ॥૧૧॥

તિષ્ઠેદ્વાયુર્દ્રવેદદ્રિ-ર્જ્વલેજ્જલમપિ ક્વચિત્ ।
તથાપિ ગ્રસ્તો રાગાદ્યૈર્નાપ્તો ભવિતુમર્હતિ ॥૧૨॥

અર્થ : હે વંદનીય ! કદાચ વાયુ સ્થિર થાય, પર્વત પીગળી જાય. પાણી અગ્નિ થાય તો પણ રાગાદિ દોષોથી ગ્રસ્ત થયેલો જીવ આપ્ત

(પૂજનીય-રાગાદિ દોષોથી રહિત) થવાને યોગ્ય નથી ॥૧૨॥

## પ્રકાશ-૭

ધર્માધર્મૌ વિના નાઙ્ગં, વિનાઙ્ગેન મુખં કુતઃ ? ।
મૂખાદ્વિના ન વક્તૃત્વં, તચ્છાસ્તારઃ પરે કથમ્ ? ॥૧॥

અર્થ : શુભા શુભ કર્મ વિના શરીર હોતું નથી. શરીર વિના મુખ ક્યાંથી હોય. મુખ વિના વક્તૃત્વ (બોલવાપણું) નથી. તો પછી શુભાશુભ કર્મ (ધર્મ અધર્મ) વિના અને શરીરાદિથી રહિત બીજા દેવો શાસ્ત્ર પ્રણેતા ઉપદેશ દાતા કેવી રીતે ઘટે ? ॥૧॥

અદેહસ્ય જગત્સર્ગે, પ્રવૃત્તિરપિ નોચિતા ।
ન ચ પ્રયોજનં કિઞ્ચિત્સ્વાતન્ત્ર્યાન્ન પરાજ્ઞયા ॥૨॥

અર્થ : શરીર રહિતને જગતનું સર્જન કરવાની પ્રવૃત્તિ પણ ઘટતી નથીઃ કૃતકૃત્ય હોવાથી સર્જન કરવાનું કોઈ પ્રયોજન નથી અને સ્વતંત્ર હોવાથી પારકાની આજ્ઞાએ પણ પ્રવર્તવાનું નથી ॥૨॥

ક્રિડયા ચેત્પ્રવર્તેત, રાગવાન્સ્યાત્કુમારવત્ ।
કૃપયાઽથ સૃજેત્તર્હિ, સુખ્યેવ સકલં સૃજેત્ ॥૩॥

અર્થ : હવે જો ક્રીડા માટે પ્રવર્તે તો બાલકની જેમ (ઘરઘર રમતાં રેતીના ઘર બનાવતાં અને પાનાના મહેલને રચતાં) બાલકની જેમ રાગી ઠરે અને જો કૃપા-દયાથી સર્જન કરે તો સમસ્ત જગત્‌ને સુખી જ બનાવે ॥૩॥

દુઃખદૌર્ગત્યદુર્યોનિ-જન્માદિક્લેશવિહ્વલમ્ ।
જનં તુ સૃજતસ્તસ્ય, કૃપાલોઃ કા કૃપાલુતા ? ॥૪॥

અર્થ : દુઃખ દરિદ્રતા દુગર્તિ અને જન્મ મરણાદિ કલેશથી વ્યાકુલ એવા જગતને સર્જતા તે કૃપાલુની કૃપાલુતા ક્યાં રહી ? ॥૪॥

કર્માપેક્ષઃ સ ચેત્તર્હિ, ન સ્વતન્ત્રોઽસ્મદાદિવત્ ।
કર્મજન્યે ચ વૈચિત્ર્યે, કિમનેન શિખણ્ડિના ? ॥૫॥

અર્થ : દુઃખાદિ દેવામાં જો તે કર્મની અપેક્ષા રાખે છે તો તે આપણી જેમ સ્વતંત્ર નથી. અને જો

જગતનું વૈચિત્ર કર્મજન્ય છે તો નપુંસક સમાન નકામા ઈશ્વરની શી જરૂર છે ॥૫॥

અથ સ્વભાવતો વૃત્તિ-રવિતર્ક્યા મહેશિતુઃ ।
પરીક્ષકાણાં તર્હ્યેષ, પરીક્ષાક્ષેપડિણ્ડિમઃ ॥૬॥

અર્થ : હવે જો મહેશ્વરની આ પ્રવૃત્તિ સ્વભાવથી છે. પરંતુ તર્ક કરવા લાયક નથી. એમ કહેશો તો તે પરીક્ષક લોકોને પરીક્ષા કરવાનો નિષેધ કરવાનું ડિંડિમ ઢોલ વગાડવા જેવું છે ॥૬॥

સર્વભાવેષુ કર્તૃત્વં, જ્ઞાતૃત્વં યદિ સમ્મતમ્ ।
મતં નઃ સન્તિ સર્વજ્ઞા, મુક્તાઃ કાયભૃતોઽપિ ચ ॥૭॥

અર્થ : સર્વ પદાર્થોનું જ્ઞાતૃત્વ એ જ જો કર્તવ્ય છે તો એ વાત અમને પણ સમ્મત છે. કારણ કે અમારો એ મત છે કે સર્વજ્ઞ, અશરીરી(સિદ્ધ) અને શરીરધારી (અરિહંત) પણ છે. ॥૭॥

સૃષ્ટિવાદકુહેવાકમુન્મુચ્યેત્યપ્રમાણકમ્ ।
ત્વચ્છાસને રમન્તે તે, યેષાં નાથ ! પ્રસીદસિ ॥૮॥

અર્થ : હે નાથ ! આપ જેના પર પ્રસન્ન બનોછો તે આત્માઓ આવા પ્રમાણ રહિત સૃષ્ટિ સર્જન વાદના દુરાગ્રહને છોડીને આપના શાસનમાં રમે છે ॥૮॥

## પ્રકાશ-૮

સત્ત્વસ્યૈકાન્તનિત્યત્વે, કૃતનાશાકૃતાગમૌ ।
સ્યાતામેકાન્તનાશેઽપિ કૃતનાશાકૃતાગમૌ ॥૧॥

અર્થ : પદાર્થનું એકાંત નિત્યપણું માનવામાં કૃતનાશ. અને અકૃતાગમ નામના બે દોષો લાગે છે. એકાંત અનિત્ય પણું માનવામાં પણ કૃત નાશ અને અકૃતાગમ નામના બે દોષ રહેલા છે ॥૧॥

આત્મન્યેકાન્તનિત્યે સ્યાન્ન ભોગઃ સુખદુઃખયોઃ।
એકાન્તાનિત્યરૂપેઽપિ, ન ભોગઃ સુખદુઃખયોઃ ॥૨॥

અર્થ : આત્માને એકાન્તે નિત્ય માનવામાં સુખદુઃખ નો ભોગ (અનુભવ) ઘટતો નથી. એકાન્તે

અનિત્ય માનવામાં પણ સુખદુઃખનો અનુભવ થતો નથી ॥૨॥

પુણ્યપાપે બન્ધમોક્ષૌ, ન નિત્યૈકાન્તદર્શને ।
પુણ્યપાપે બન્ધમોક્ષૌ, નાનિત્યૈકાન્તદર્શને ॥૩॥

અર્થ : એકાંત નિત્ય દર્શનમાં પુણ્ય, પાપ અને બન્ધ, મોક્ષ ઘટતાં નથી. એકાંતે અનિત્ય દર્શનમાં પણ પુણ્ય, પાપ અને બંધ મોક્ષ ઘટતાં નથી ॥૩॥

ક્રમાક્રમાભ્યાં નિત્યાનાં, યુજ્યતેઽર્થક્રિયા ન હિ ।
એકાન્તક્ષણિકત્વેઽપિ, યુજ્યતેઽર્થક્રિયા ન હિ ॥૪॥

અર્થ : એકાંત નિત્ય પદાર્થોને વિષે ક્રમથી કે અક્રમથી અર્થ ક્રિયા ઘટતી નથી. અને એકાન્ત અનિત્ય વસ્તુમાં પણ ક્રમથી કે અક્રમથી અર્થ ક્રિયા ઘટતી નથી. ॥૪॥

યદા તુ નિત્યાનિત્યત્વ-રૂપતા વસ્તુનો ભવેત્ ।
યથાત્થ ભગવન્નૈવ, તદા દોષોઽસ્તિ કશ્ચન ॥૫॥

અર્થ : હે ભગવન્ ! આપે કહી છે તે પ્રમાણે જો દરેક પદાર્થની નિત્યાનિત્ય સ્વરૂપતા હોય તો જ કોઈપણ પ્રકારનો દોષ આવતો નથી. ॥૫॥

ગુડો હિ કફહેતુઃ સ્યાન્નાગરં પિત્તકારણમ્ ।
દ્વયાત્મનિ ન દોષોઽસ્તિ, ગુડનાગરભેષજે ॥૬॥

અર્થ : ગોળ એ કફનો હેતુ બને છે અને સૂંઠ એ પિત્તનું કારણ બને છે. જ્યારે બન્ને ભેગા થાય છે ત્યારે દોષ રહેતો નથી. પરંતુ ઔષધ રૂપ બની જાય છે ॥૬॥

દ્વયં વિરુદ્ધં નૈકત્રાઽસત્પ્રમાણપ્રસિદ્ધિતઃ ।
વિરુદ્ધવર્ણયોગો હિ, દૃષ્ટો મેચકવસ્તુષુ ॥૭॥

અર્થ : એજ પ્રમાણે એક વસ્તુને વિષે નિત્યત્વ અને અનિત્યત્વ એ બે વિરુદ્ધ ધર્મનું રહેવું. એ પણ વિરુદ્ધ નથી. પ્રત્યક્ષાદિ કોઈપણ પ્રમાણથી તેમાં વિરોધ સિદ્ધ થઈ શકતો નથી કારણ કે વિવિધ રંગવાળી (કાબરચીતરી) વસ્તુઓમાં વિરુદ્ધ રંગોનો યોગ પ્રત્યક્ષ દેખાય છે ॥૭॥

વિજ્ઞાનસ્યૈકમાકારં, નાનાકારકરમ્બિતમ્ ।
ઇચ્છંસ્તથાગતઃ પ્રાજ્ઞો, નાનેકાન્તં પ્રતિક્ષિપેત્ ॥૮॥

અર્થ : વિવિધ આકાર (ઘટપટાદિ જુદા જુદા સ્વરૂપોથી મિશ્ર) સહિત વિજ્ઞાન એક આકાર વાળું છે. એમ સ્વીકારતો પ્રાજ્ઞ બૌદ્ધ અનેકાન્ત વાદને ઉત્થાપી શકતો નથી ॥૮॥

ચિત્રમેકમનેકં ચ, રૂપં પ્રામાણિકં વદન્ ।
યોગો વૈશેષિકો વાપિ, નાનેકાન્તં પ્રતિક્ષિપેત્ ॥૯॥

અર્થ : જુદા જુદા રંગોથી વિચિત્ર એક જ રૂપનો અનેક સ્વરૂપે પ્રમાણ સિદ્ધ કહેતો (ગ્રહણ કરતો) નૈયાયિક કે વૈશેષિક પણ અનેકાન્તવાદને ઉત્થાપી શકતો નથી. ॥૯॥

ઇચ્છન્પ્રધાનં સત્ત્વાદ્યૈર્વિરુદ્ધૈર્ગુમ્ફિતં ગુણૈઃ ।
સાંખ્યઃસઙ્ખ્યાવતાં મુખ્યો, નાનેકાન્તં પ્રતિક્ષિપેત્ ॥૧૦॥

અર્થ : સત્વ, રજસ અને તમસ્ એ ત્રણે પરસ્પર વિરુદ્ધ ગુણોથી યુક્ત પ્રકૃતિને માનતો એવો

વિદ્વાનોમાં મુખ્ય સાંખ્ય પણ અનેકાન્તવાદને ઉલ્લંઘી-ઉત્થાપી શકતો નથી ॥૧૦॥

વિમતિઃ સમ્મતિર્વાપિ, ચાર્વાકસ્ય ન મૃગ્યતે ।
પરલોકાત્મમોક્ષેષુ, યસ્ય મુહ્યતિ શેમુષી ॥૧૧॥

અર્થ : ચાર્વાક-નાસ્તિકની સમ્મતિ કે અસમ્મતિ છે તે જોવાની વિચારવાની જરૂર નથી. કારણ કે જેની (ચાર્વાકની) બુદ્ધિ પરલોક-આત્મા અને મોક્ષને વિષે મુંઝાય છે. તેની વિરુદ્ધતા કે સમ્મતિની જરૂર જ નથી. ॥૧૧॥

તેનોત્પાદવ્યયસ્થેમ-સમ્મિન્નં ગોરસાદિવત્ ।
ત્વદુપજ્ઞં કૃતધિયઃ, પ્રપન્ના વસ્તુતસ્તુ સત્ ॥૧૨॥

અર્થ : તેથી વિચક્ષણ પુરુષો વાસ્તવિક સત્ પદાર્થ માત્રને આપે પ્રરૂપેલ ગોરસની જેમ ઉત્પત્તિ વિનાશ અને સ્થિતિથી યુક્ત માને છે ॥૧૨॥

## પ્રકાશ-૯

યત્રાલ્પેનાપિ કાલેન, ત્વદ્‌ભક્તેઃ ફલમાપ્યતે ।
કલિકાલઃ સ એકોઽસ્તુ, કૃતં કૃતયુગાદિભિઃ ॥૧॥

અર્થ : હે તારક ! જે કાલમાં આપની ભક્તિનું ફલ અલ્પ સમયમાં પ્રાપ્ત થાય છે. તે એકજ કલિકાલ સ્પૃહણીય હો, બીજા કાલથી (સુષ્માદિ કાલથી) સર્યું ॥૧॥

સુષમાતો દુઃષમાયાં,
કૃપાફલવતી તવ ।
મેરુતો મરુભૂમૌ હિ,
શ્લાઘ્યા કલ્પતરોઃ સ્થિતિઃ ॥૨॥

અર્થ : હે ઇચ્છિત દાયક ! સુષમાકાલથી (ચોથો આરો દુષમસુષમથી) દુષમા કાલમાં (પાંચમાં આરામાં) આપની કૃપા વિશેષ ફલવતી છે. કારણકે મેરૂપર્વત કરતાં મરૂ ભૂમિમાં કલ્પવૃક્ષની વિદ્યમાનતા વધારે પ્રશંસનીય છે. ॥૨॥

શ્રાદ્ધઃ શ્રોતા સુધીર્વક્તા, યુજ્યેયાતાં યદીશ ! તત્ ।
ત્વચ્છાસનસ્ય સામ્રાજ્ય-મેકચ્છત્રં કલાવપિ ॥૩॥

અર્થ : હે ઈશ ? શ્રદ્ધાળુશ્રોતા અને શાસ્ત્રવિચક્ષણ વક્તા એ બેનો યોગ થાય તોકલિકાલમાં પણ આપના શાસનનું સામ્રાજ્ય એક છત્રી બને અર્થાત્ સર્વત્ર ફેલાય. ॥૩॥

યુગાન્તરેઽપિ ચેન્નાથ !, ભવન્ત્યુચ્છૃઙ્ખલાઃ ખલાઃ ।
વૃથૈવ તર્હિ કુપ્યામઃ, કલયે વામકેલયે ॥૪॥

અર્થ : હે પ્રશમનિધિ ! હે નાથ ! જોબીજા સુષમાદિ કાલમાં પણ ઉદ્ધત દુર્જનો (ગોશાલા જેવા) હોય છે. તો પછી પ્રતિકૂળ આચરણવાળા આ પાંચમાં આરા (કલિકાલ) ઉપર અમે ફોગટ કોપ કરીએ છીએ. ॥૪॥

કલ્યાણસિદ્ધયૈ સાધીયાન્, કલિરેવ કષોપલઃ ।
વિનાગ્નિં ગન્ધમહિમા, કાકતુણ્ડસ્ય નૈધતે ॥૫॥

અર્થ : હે જગદીશ ! કલ્યાણની સિદ્ધિ માટે આ કલિકાલ રૂપી કસોટીનો પથ્થર એ જ શ્રેષ્ઠ છે.

અગ્નિ વિના અગરૂ ધૂપના ગન્ધનો મહિમા વધતો નથી ॥૫॥

નિશિ દીપોડમ્બુધૌ દ્વીપં, મરૌ શાખી હિમે શિખી।
કલૌ દુરાપઃપ્રાપ્તોડયં, ત્વત્પાદાબ્જઃ રજઃકણઃ ॥૬॥

અર્થ : હે જિનરવિ ! રાત્રિમાં દીપક, સાગરમાં દ્વિપ, મારવાડમાં વૃક્ષ અને શિયાળામાં અગ્નિ પ્રાપ્ત થાય. તેમ આ કલિકાલમાં દુઃખે કરીને આ આપના ચરણ કમલના રજકણ પ્રાપ્ત કર્યા છે. ॥૬॥

યુગાન્તરેષુ ભ્રાન્તોડસ્મિ, ત્વદર્શનવિનાકૃતઃ ।
નમોડસ્તુ કલયે યત્ર, ત્વદર્શનમજાયત ॥૭॥

અર્થ : હે સુખ સાગર ! આપના દર્શનથી રહિત સુષમાદિ (કૃતયુગાદિ) કાલમાં હું ભમેલો છું આથી જે કાલમાં આપનું દર્શન થયું છે. તે કલિકાલને નમસ્કાર હો ॥૭॥

બહુદોષો દોષહીનાત્ત્વત્તઃ કલિરશોભત ।
વિષયુક્તો વિષહરાત્ફણીન્દ્ર ઇવ રત્નતઃ ॥૮॥

અર્થ : હે વિશ્વ નાયક ! અઢાર દોષથી રહિત એવા આપનાથી ઘણા દોષવાળો કલિકાલ શોભી રહ્યો છે, જેમ વિષયુક્ત સર્પ વિષહર રત્નથી શોભે છે તેમ. ॥૮॥

## પ્રકાશ-૧૦

મત્પ્રસત્તેસ્ત્વત્પ્રસાદસ્ત્વત્પ્રસાદાદિયં પુનઃ ।
ઇત્યન્યોન્યાશ્રયં ભિન્ધિ, પ્રસીદ ભગવન્ ! મયિ ॥૧॥

અર્થ : હે ભગવન્ ! મારી પ્રસન્નતાથી તારી પ્રસન્નતા અને તારી પ્રસન્નતાથી મારી પ્રસન્નતા. એ પ્રકારે ઉત્પન્ન થતો આ અન્યોન્યાશ્રયને ભેદી નાંખો અને મારા ઉપર પ્રસન્ન થાઓ. ॥૧॥

નિરિક્ષિતું રૂપલક્ષ્મીં, સહસ્ત્રાક્ષોઽપિ ન ક્ષમઃ ।
સ્વામિન્ ! સહસ્ત્રજિહ્વોઽપિ, શક્તો વક્તુન તે ગુણાન્ ॥૨॥

અર્થ : હે સ્વામિન્ ! આપની રૂપલક્ષ્મીને જોવા માટે હજારો આંખવાળો ઈન્દ્ર પણ સમર્થ નથી અને આપના ગુણોને કહેવા માટે હજારો જીભવાળો પણ સમર્થ નથી ॥૨॥

સંશયાન્ નાથ ! હરસેઽનુત્તરસ્વર્ગિણામપિ ।
અતઃપરોઽપિકિંકોઽપિ,ગુણઃસ્તુત્યોઽસ્તિવસ્તુતઃ॥૩॥

અર્થ : હે નાથ ! અનુત્તર વિમાન વાસિઓના સંશયોને આપ દૂર કરો છો. આથી બીજો કોઈ પણ ગુણ વસ્તુતત્વથી (વાસ્તવિકતાથીપરમાર્થથી) શું પ્રશં સવા યોગ્ય છે ? અર્થાત્ નથી. ॥૩॥

ઈદં વિરુદ્ધં શ્રદ્ધત્તાં કથમશ્રદ્ધાનકઃ ? ।
આનન્દસુખસક્તિશ્ચ, વિરક્તિશ્ચ સમં ત્વયિ ॥૪॥

અર્થ : હે વિરક્ત ! આનંદ રૂપ સુખમાં લીન અને સર્વસંગથી વૈરાગ્ય આ બને આપનામાં એક કાળે (સાથે) રહેલા છે આ પરસ્પર વિરુદ્ધ વાત અશ્રદ્ધાળુ જન કેવી રીતે માને ? ॥૪॥

નાથેયં ઘટ્યમાનાપિ, દુર્ઘટા ઘટતાં કથમ્ ? ।
ઉપેક્ષા સર્વસત્ત્વેષુ, પરમા ચોપકારિતા ॥૫॥

અર્થ : હે નાથ ! આપ સર્વ જીવ પર માધ્યસ્થ ભાવ રાખો છો અને પરમ ઉપકાર પણ કરો છો. આ વાત આપના વિષે ઘટતી હોવા છતાં દુઃખે કરીને ઘટવાવાળી કેવી રીતે ઘટે ? ॥૫॥

દ્વયં વિરુદ્ધં ભગવંસ્તવ નાન્યસ્ય કસ્યચિત્ ।
નિર્ગ્રન્થતા પરા યા ચ, યા ચૌચ્ચૈશ્ચક્રવર્તિતા ॥૬॥

અર્થ : હે ભગવન્ ! વિરુદ્ધ ભાસતા આ બે ગુણો આપનામાં જ છે. બીજા કોઈ દેવમાં નથી એક ઉત્કૃષ્ટ ત્યાગ અને બીજી તરફ અતિશય પણે વર્તતી ધર્મચક્રવર્તિતા ॥૬॥

નારકા અપિ મોદન્તે, યસ્ય કલ્યાણપર્વસુ ।
પવિત્રં તસ્ય ચારિત્રં, કો વા વર્ણયિતું ક્ષમઃ ? ॥૭॥

અર્થ : જેના કલ્યાણકારી ચ્યવન જન્મ-દીક્ષા કેવલ મોક્ષ કલ્યાણક પર્વોમાં નરકના જીવો પણ સુખ

અનુભવે છે. તેના પવિત્ર ચારીત્રનું વર્ણન કરવાને કોણ સમર્થ છે. ॥૭॥

શમોઽદ્ભુતોઽદ્ભુતં રૂપં સર્વાત્મસુ કૃપાદ્ભુતા।
સર્વાદ્ભુતનિધીશાય, તુભ્યં ભગવતે નમઃ ॥૮॥

અર્થ : હે સર્વાદ્ભુત ભવન ! આપની સમતા આશ્ચર્યકારી છે રૂપ અદ્ભુત છે. સર્વ જીવો પર આપની કરૂણા પણ અદ્ભુત છે. સર્વ આશ્ચર્યોના ભંડારના સ્વામી અને ઐશ્વર્યવાનઆપને નમસ્કાર હો ॥૮॥

## પ્રકાશ-૧૧

નિઘ્નન્પરીષહચમૂ-મુપસર્ગાન્પ્રતિક્ષિપન્ ।
પ્રાપ્તોઽસિ શમસૌહિત્યં, મહતાં કાપિ વૈદુષી ॥૧॥

અર્થ : હે સમતાયોગી ! પરિષહની સેનાને હણતા અને ઉપસર્ગોને દૂર ફેંકતા (સહન કરતા) આપ સમતારૂપ અમૃતની તૃપ્તિને પામ્યા છો ખરેખર મોટાઓની ચાતુરી કોઈ અપૂર્વ હોય છે ॥૧॥

અરક્તો ભુક્તવાન્મુક્તિમદ્વિષ્ટો હતવાન્દ્વિષઃ ।
અહો ! મહાત્મનાં કોડપિ, મહિમા લોકદુર્લભઃ ॥૨॥

અર્થ : હે વિશ્વબધું ! રાગ રહિત આપે મુક્તિ રૂપી સ્ત્રીને ભોગવી રહ્યા છો અને દ્વેષ રહિત છતાં કષાયાદિ શત્રુને મારી નાંખ્યા છે. ખરેખર મોટા પુરુષોનો મહિમા લોકમાં દુર્લભ છે ॥૨॥

સર્વથા નિર્જિગીષેણ, ભીતભીતેન ચાગસઃ ।
ત્વયા જગત્ત્રયં જિગ્યે, મહતાં કાપિ ચાતુરી ॥૩॥

અર્થ : હે દિનબધું ! બધી રીતે નિસ્પૃહી અને પાપથી ભય પામેલા હોવા છતાં આપે ત્રણ જગતને જીતી લીધા છે. મહાન પુરુષોની ચાતુરી કોઈ અપૂર્વ હોય છે. ॥૩॥

દત્તં ન કિઞ્ચિત્કસ્મૈચિન્નાત્તં કિઞ્ચિત્કુતશ્ચન ।
પ્રભુત્વં તે તથોપ્યેતત્કલા કાપિ વિપશ્ચિતામ્ ॥૪॥

અર્થ : હે નીસ્પૃહ ! આપે કોઈને કાંઈ (રાજ્યાદિ) આપ્યું નથી અને કોઈની પાસેથી (દંડાદિ) કાંઈ લીધું નથી. તો પણ આપનું આ ઐશ્વર્ય-પ્રભુત્વ

છે. તેથી એમ લાગે છે કે કુશળ પુરુષોની કલા કોઈ અદ્‌ભુત હોય છે. ॥૪॥

યદ્દેહસ્યાપિ દાનેન, સુકૃતં નાર્જિતં પરૈઃ ।
ઉદાસીનસ્ય તન્નાથ !, પાદપીઠે તવાલુઠત્ ॥૫॥

અર્થ : હે દયાનિધિ ! હે નાથ ! દેહના પણ દાન અર્પણ કરવા વડે બીજાઓએ જે સુકૃત પ્રાપ્ત કર્યું નહિ, તે સુકૃત ઉદાસીન ભાવે રહેલા આપના ચરણમાં આળોટ્યું છે. ॥૫॥

રાગાદિષુ નૃશંસેન, સર્વાત્મસુ કૃપાલુના ।
ભીમકાન્તગુણેનોચ્ચૈઃ સામ્રાજ્યં સાધિતં ત્વયા ॥૬॥

અર્થ : હે ત્રિભુવન પતિ ! રાગાદિ શત્રુઓ પર દયા વિનાના અને સર્વ જીવો પર દયાવાળા એવા ભીમ અને કાન્ત રૂપ બે ગુણ વડે આપે ઉચ્ચ પ્રકારનું સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે. ॥૬॥

સર્વે સર્વાત્મનાઽન્યેષુ, દોષાસ્ત્વયિ પુનર્ગુણાઃ ।
સ્તુતિસ્તવેયં ચેન્મિથ્યા, તત્પ્રમાણં સભાસદઃ ॥૭॥

અર્થ : હે ગુણ સમુદ્ર ! હરિહરાદિ અન્ય દેવોમાં બધા દોષો રહેલાં છે અને વળી આપનામાં સર્વ પ્રકારે સર્વ ગુણો રહેલાં છે. જો આ સ્તુતિ ખોટી હોય તો સભાસદ પ્રમાણ છે. અર્થાત્ તેઓ જ કહે ॥૭॥

મહીયસામપિ મહાન્, મહનીયો મહાત્મનામ્ ।
અહો ! મે સ્તુવતઃસ્વામી, સ્તુતેર્ગોચરમાગમત્ ॥૮॥

અર્થ : મોટાથી પણ મોટા અને મહાત્માઓને (ગણધરાદિને) પૂજ્ય એવા પરમાત્મા આજે મારી સ્તુતિના વિષયમાં આવ્યા છે અર્થાત્ મારાથી આવા પરમાત્માની સ્તુતિ કરાઈ તેથી હું ધન્ય બન્યો છું ॥૮॥

## પ્રકાશ-૧૨

પટૂવભ્યાસાદરૈઃ પૂર્વં, તથા વૈરાગ્યમાહરઃ ।
યથેહ જન્મન્યાજન્મ, તત્સાત્મીભાવમાગમત્ ॥૧॥

અર્થ : હે વૈરાગ્ય વાર્ધિ ! પૂર્વ ભવોમાં આદર પૂર્વક સુંદર અભ્યાસ વડે આપે એવો વૈરાગ્ય પ્રાપ્ત

કર્યો કે જેથી આ છેલ્લા ભવમાં તે વૈરાગ્ય જન્મથી જ આત્મસાત્ બની ગયો. સારાંશ આપ જન્મથી જ વૈરાગી છો ॥૧॥

દુઃખહેતુષુ વૈરાગ્યં, ન તથા નાથ ! નિસ્તુષમ્ ।
મોક્ષાપાયપ્રવીણસ્ય, યથા તે સુખહેતુષુ ॥૨॥

અર્થ : હે નાથ ! મોક્ષ પ્રાપ્તિના ઉપાયમાં પ્રવીણ એવા આપને સુખના હેતુઓમાં જેવો નિર્મળ (તાત્વિક) વૈરાગ્ય હોય છે. તેવો દુઃખના હેતુઓમાં હોતો નથી. (આપને ઈષ્ટ વિયોગાદિ દુઃખના કારણો કરતાં સ્ત્રી આદિ સુખના કારણોમાં વિશેષ વૈરાગ્ય હોય છે. આથી જ તે વૈરાગ્ય તાત્ત્વિક (નિર્મલ) જ્ઞાન ગર્ભિત છે.) ॥૨॥

વિવેકશાણૈર્વૈરાગ્યં-શસ્ત્રં શાતં ત્વયા તથા ।
યથા મોક્ષેડપિ તત્સાક્ષાદકુણ્ઠિતપરાક્રમમ્ ॥૩॥

અર્થ : હે વૈરાગ્યમૂર્તિ ! આપે વિવેકરૂપ સરાણ વડે વૈરાગ્યરૂપી શસ્ત્ર એવી રીતે ઘસીને તીક્ષ્ણ કર્યું

છે કે જેથી તેનું પરાક્રમ મોક્ષમાં પણ સાક્ષાત્ અંકુઠિત (હણાયા વિનાનું) રહયું અર્થાત્ તેનું સામર્થ્ય અપ્રતિહત રહયું ।।૩।।

યદા મરૂન્નરેન્દ્રશ્રીસ્ત્વયા નાથોપભુજ્યતે ।
યત્ર તત્ર રતિર્નામ, વિરક્તત્વં તદાપિ તે ।।૪।।

અર્થ : હે નાથ ! જ્યારે આપ પૂર્વભવમાં દેવ સંબંધી અને મનુષ્ય ભવમાં રાજ્યઋદ્ધિનો ઉપભોગ કરો છો. ત્યારે પણ જ્યાં ત્યાં આપને રતિ (સમાધિ) જણાય છે તે પણ વિરક્તિ રૂપ હોય છે. (કારણકે ભોગાવલિ કર્મ ભોગવવું જ પડશે તે વિના ક્ષય નહિ થાય. એમ માની અનાસક્ત ભાવે ભોગવો છો) ।।૪।। .

નિત્યં વિરક્તઃકામેભ્યો, યદા યોગં પ્રપદ્યસે ।
અલમેભિરિતિ પ્રાજ્યં, તદા વૈરાગ્યમસ્તિ તે ।।૫।।

અર્થ : હે સંયમધર ! આપ કામ ભોગથી વિરક્ત છો, તો પણ જયારે આપ રત્નત્રયી (જ્ઞાન-દર્શનચારિત્ર) રૂપ યોગનો સ્વીકાર કરો છો.

ત્યારે આ વિષયોથી સર્યું. એવો ઉત્કૃષ્ટ વૈરાગ્ય આપનામાં હોય છે ॥૫॥

સુખે દુઃખે ભવે મોક્ષે, યદૌદાસીન્યમીશિષે ।
તદા વૈરાગ્યમેવેતિ, કુત્ર નાસિ વિરાગવાન્ ? ॥૬॥

અર્થ : હે નિગ્રંથ ! જ્યારે આપ સુખ, દુઃખ, સંસાર અને મોક્ષને વિષે ઉદાસીન-મધ્યસ્થ ભાવને ધારણ કરો છો ત્યારે પણ આપને વૈરાગ્ય જ હોય છે. આથી આપ ક્યાં અને ક્યારે વિરાગી નથી ? અર્થાત્ આપ સર્વત્ર વૈરાગી જ છો ॥૬॥

દુઃખગર્ભે મોહગર્ભે, વૈરાગ્યે નિષ્ઠિતાઃ પરે ।
જ્ઞાનગર્ભં તુ વૈરાગ્યં, ત્વય્યેકાયનતાં ગતમ્ ॥૭॥

અર્થ : હે વૈરાગ્ય મગ્ન ! પરતીર્થિકો દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યમાં રહેલા છે. પરંતુ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તો કેવળ આપનામાં જ એકીભાવને પામેલ છે. ॥૭॥

ઔદાસીન્યેઽપિ સતતં, વિશ્વવિશ્વોપકારિણે ।
નમો વૈરાગ્યનિઘ્નાય, તાયિને પરમાત્મને ॥૮॥

અર્થ : ઉદાસીન-મધ્યસ્થ ભાવ હોવા છતાં નિરંતર સમસ્ત જગતપર ઉપકાર કરનાર, વૈરાગ્યમાં તત્પર અને સર્વજીવોનું (ભવ ભયથી) રક્ષણ કરનાર પરબ્રહ્મ સ્વરૂપ પરમાત્માને નમસ્કાર હો ॥૮॥

## પ્રકાશ-૧૩

અનાહૂતસહાયસ્ત્વં, ત્વમકારણવત્સલઃ ।
અનભ્યર્થિતસાધુસ્ત્વં, ત્વમસમ્બન્ધબાન્ધવઃ ॥૧॥

અર્થ : હે માર્ગદર્શક ! મોક્ષમાર્ગમાં પ્રયાણ કરનારા પ્રાણીઓને આપ બોલાવ્યા વિના સહાય દાતા છો. સ્વાર્થ વિના વાત્સલ્ય ભાવવાળા છો. વિના પ્રાર્થના કર્યે ઉપકાર કરનારા છો અને આપ સંબંધ વિના જગતના બાંધવ છો. ॥૧॥

અનક્તસ્નિગ્ધમનસમમૃજોજ્જ્વલવાક્પથમ્ ।
અધૌતામલશીલં ત્વાં, શરણ્યં શરણં શ્રયે ॥૨॥

અર્થ : હે નિર્લેપ ! આપ (મમતા રૂપ ચીકાશથી) લેપાયા વિનાજ સ્નિગ્ધ મનવાળા છો. માર્જન વિનાજ ઉજ્જવલ વાણી બોલનારા છો. તથા ધોયા વિનાજ નિર્મલ શીલના ધારક છો માટે શરણ સ્વીકારવા યોગ્ય આપનું શરણું સ્વીકારું છું ॥૨॥

અચણ્ડવીરવૃત્તિના, શમિના શમવર્ત્તિના ।
ત્વયા કામમકુટ્યન્ત, કુટિલાઃ કર્મકણ્ટકાઃ ॥૩॥

અર્થ : હે વીર શેખર ! ક્રોધ વિના જ મહાપરાક્રમી પ્રશમરૂપ અમૃતથી યુક્ત સર્વ પ્રત્યે સમાન વર્તનવાળા - (સમભાવવાળા) આપે કર્મરૂપી કુટિલ કંટકોને અત્યંત કુટી નાંખ્યો છે ॥૩॥

અભવાય મહેશાય-ગદાય નરકચ્છિદે ।
અરાજસાય બ્રહ્મણે, કસ્મૈચિદ્‌ભવતે નમઃ ॥૪॥

અર્થ : હે મહેશ્વર ! ભવ-(મહાદેવ) નહિ છતાં મહેશ્વર, ગદા નહિં છતાં નરકને છેદનારા

નારાયણ, રજોગુણ નહીં છતાં બ્રહ્મા એવા કોઈ એક આપને નમસ્કાર હો ॥૪॥

અનુક્ષિતફલોદગ્રા-દનિપાતગરીયસઃ ।
અસઙ્કલ્પિતકલ્પદ્રોસ્ત્વત્તઃ ફલમવાપ્નુયામ્ ॥૫॥

અર્થ : હે કલ્પવૃક્ષ ! સિંચન કર્યા વિના ફળોથી પરિપૂર્ણ, પતનવિના ગુરુ ગૌરવવાળા (બીજા વૃક્ષો પડ્યા પછી ઉપાડવામાં ગુરુ-ભારે હોય છે) અચિંતિત વાંછિતને આપનારા કલ્પવૃક્ષ સમાન આપના થકી હું ફલ (મોક્ષ) ને પામુ છું ॥૫॥

અસઙ્ગસ્ય જનેશસ્ય, નિર્મમસ્ય કૃપાત્મનઃ ।
મધ્યસ્થસ્ય જગત્રાતુ-રનઙ્કસ્તેઽસ્મિ કિઙ્કરઃ ॥૬॥

અર્થ : હે જિનેશ્વર ! સંગરહિત છતાં લોકનાસ્વામી, મમત્વ ભાવ વિનાના છતાં કૃપાળું, મધ્યસ્થ, (રાગ દ્વેષથી મુક્ત) છતાં જગતનું રક્ષણ કરનારા એવા આપનો હું કુગ્રહરૂપ કલંક (ચિહ્નતલવારાદિ શસ્ત્ર)થી રહિત કિંકર-નોકર છું ॥૬॥

અગોપિતે રત્નનિધાવવૃતે કલ્પપાદપે ।
અચિન્ત્યે ચિન્તારત્ને ચ, ત્વય્યાત્માઽયં મયાર્પિતઃ ॥૭॥

અર્થ : હે શરણ્ય ! પ્રકટ-ખુલ્લા રત્નના ભંડાર, (કર્મરૂપી) વાડ રહિત કલ્પવૃક્ષ અને અચિંતનીય ચિન્તામણિરત્ન, એવા આપને મેં, મારો આત્મા સમર્પિત કર્યો છે ॥૭॥

ફલાનુધ્યાનવન્ધ્યોઽહં, ફલમાત્રતનુર્ભવાન્ ।
પ્રસીદ યત્કૃત્યવિધૌ, કિઙ્કર્તવ્યજડે મયિ ॥૮॥

અર્થ : હે નિર્મલજ્ઞાની ! આપ સિદ્ધસ્વરૂપ છો. હું સિદ્ધત્વના ધ્યાનમાં અશક્ત છું (સિદ્ધસ્વરૂપી આપને જોયા નથી તેથી ધ્યાન કરવા અસમર્થ છું.) આથી મારે શું કરવું એ બાબતમાં મારે જે કરવું જોઈએ તે પ્રસન્ન થઈને કૃપા કરીને બતાવો. ॥૮॥

## પ્રકાશ-૧૪

મનોવચઃ કાયચેષ્ટાઃ, કષ્ટાઃ સંહૃત્ય સર્વથા ।
શ્લથત્વેનૈવ ભવતા, મનઃશલ્યં વિયોજિતમ્ ॥૧॥

અર્થ : હે યોગિનાથ ! મનવચન અને કાયાની પ્રવૃત્તિને સર્વ રીતે અટકાવીને આપે મનને ઢીલું મૂકીને (દબાણ કર્યા વિના સમજાવીને) મન રૂપ શલ્યને દૂર કર્યું છે ॥૧॥

સંયતાનિ ન ચાક્ષાણિ, નૈવોચ્છૃઙ્ખલિતાનિ ચ ।
ઈતિ સમ્યક્પ્રતિપદા, ત્વયેન્દ્રિયજયઃ કૃતઃ ॥૨॥

અર્થ : હે વીતરાગ ! ઈન્દ્રિયોને આપે બળાત્કારે નિયંત્રિત કરી નથી. તેમજ લોલુપતાથી છૂટી પણ મૂકી નથી. એ રીતે આપે સુંદર બુદ્ધિથી ઈંદ્રિયજય કર્યો છે. ॥૨॥

યોગસ્યાષ્ટાઙ્ગતા નૂનં, પ્રપઞ્ચઃ કથમન્યથા ? ।
આબાલભાવતોઽપ્યેષ, તવ સાત્મ્યમુપેયિવાન્ ॥૩॥

અર્થ : હે યોગિનાથ ! લૌકિક શાસ્ત્રમાં યોગના આઠ અંગ કહ્યા છે. તે માત્ર નિરર્થક વિસ્તાર રૂપ હોય તેમ લાગે છે. નહિ તો આપને આ યોગ(યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પત્યાહાર, ધારણા ધ્યાન અને સમાધિ) જન્મથી

જ શી રીતે સહજભાવે આત્મસાત્ થઈ ગયો. ॥૩॥

વિષયેષુ વિરાગસ્તે, ચિરં સહચરેષ્વપિ ।
યોગે સાત્મ્યમદૃષ્ટેઽપિ, સ્વામિન્નદમલૌકિકમ્ ॥૪॥

અર્થ : હે વિષય પરાંગમુખ ! ઘણા કાલના સહચરી વિષયો પર આપ વૈરાગ્યને ધરો છો અને નહિ જોયેલા એવા પણ યોગને વિષે તન્મયપણું (મૈત્રીભાવ) છે. આપનું આ ચરિત્ર કેવું અલૌકિક છે ? ॥૪॥

તથા પરે ન રજ્યન્ત, ઉપકારપરે પરે ।
યથાઽપકારિણિ ભવાનહો ! સર્વમલૌકિકમ્ ॥૫॥

અર્થ : હે ઉપકારી ! ઉપકાર કરવામાં તત્પર બીજા દેવો પોતાના ભક્તો પર જેટલા ખુશ થતાં નથી. તેટલા આપ અપકાર કરનાર (કમઠ ગોશાળાદિ) પર ખુશી થાઓછો (પ્રેમ રાખો છો). અહો આપનું બધું અલૌકિક છે. ॥૫॥

હિંસકા અપ્યુપકૃતા આશ્રિતા અપ્યુપેક્ષિતાઃ ।
ઈદં ચિત્રં ચરિત્રં તે, કે વા પર્યનુયુઞ્જતામ્ ? ॥૬॥

અર્થ : હે નિષ્કારણ બંધુ ! આપે હિંસકો (ચંડકૌશિકાદિ) પર પણ ઉપકાર કર્યો છે અને આશ્રિત થઈ રહેલા (સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર મુનિ આદિ) પર પણ ઉપેક્ષા કરી છે. આપના આ ચરિત્રની સામે કોણ પ્રશ્ન કરે ? આપને આ બાબત કોણ પૂછે ? ॥૬॥

તથા સમાધૌ પરમે, ત્વયાત્મા વિનિવેશિતઃ ।
સુખી દુઃખ્યસ્મિ નાસ્મીતિ, યથા ન પ્રતિપન્નવાન્ ॥૭॥

અર્થ : હે સ્થિર ચિત્ત ! આપે આત્માને પરમ સમાધિમાં એવી રીતે સ્થિર કર્યો કે જેથી હું સુખી છું કે નથી ? અથવા હું દુઃખી છું કે નથી ? અર્થાત્ હું સુખી છું કે દુઃખી એ પ્રમાણે આપે તેના જ્ઞાનનો પણ વિચાર ન કર્યો. ॥૭॥

ધ્યાતા ધ્યેયં તથા ધ્યાનં ત્રયમેકાત્મતાં ગતમ્ ।
ઈતિ તે યોગમાહાત્મ્યં, કથં શ્રદ્ધીયતાં પરૈઃ ? ॥૮॥

અર્થ : હે યોગનિષ્ઠ ! ધ્યાતા ધ્યેય અને ધ્યાન એ ત્રણે આપનામાં એકપણાને પામી ગયા છે. આવા તે આપના યોગના માહાત્મ્યને બીજાઓ કેવી રીતે શ્રદ્ધા કરી શકે ? ॥૮॥

## પ્રકાશ-૧૫

જગજ્જૈત્રા ગુણાસ્ત્રાતરન્યે તાવત્તવાસતામ્ ।
ઉદાત્તશાન્તયા જિગ્યે, મુદ્રયૈવ જગત્ત્રયી ॥૧॥

અર્થ : હે ત્રાતા ! જગત ને જીતનારા આપના અન્ય ગુણો તો દૂર રહો. પરંતુ ઉદાત્ત (સત્વશાલી) અને શાન્ત આપની મુદ્રાએજ ત્રણે જગતને જીતી લીધા છે. (આપના જેવા ગુણો કે બાહ્ય મુદ્રા પણ બીજા કોઈમાં નથી). ॥૧॥

મેરુસ્તૃણીકૃતો મોહાત્પયોધિર્ગોષ્પદીકૃતઃ ।
ગરિષ્ઠેભ્યો ગરિષ્ઠો યૈઃ પાપ્મભિસ્ત્વપોહિદિતઃ ॥૨॥

અર્થ : હે પાપઘ્ન ! ઈન્દ્રાદિકથી પણ મોટા એવા આપનો જે પાપીઓએ અનાદર કર્યો છે. તેમણે

મોહથી-અજ્ઞાનથી મેરૂપર્વતને તૃણ સમાન અને સમુદ્રને ખાબોચીયા રૂપે માન્યો છે ॥૨॥

ચ્યુતશ્ચિન્તામણિઃ પાણેસ્તેષાં લબ્ધા સુધા મુધા ।
યૈસ્તે શાસનસર્વસ્વમજ્ઞાનૈર્નાત્મસાત્કૃતમ્ ॥૩॥

અર્થ : હે ચિંતામણી ! જે અજ્ઞાનિઓએ આપના શાશનનું સારદ્રવ્ય, સ્ર્વસ્વ (ધન) પોતાને આધીન નથી કર્યું. તેમના હાથમાંથી ચિંતામણિ રત્ન પડી ગયું છે અને તેઓને પ્રાપ્ત થયેલું અમૃત ફોગટ ગયું છે. ॥૩॥

યસ્ત્વય્યપિ દધૌ દૃષ્ટિમુલ્મુકાકારધારિણીમ્ ।
તમાશુશુક્ષણિઃ સાક્ષાદાલપ્યાલમિદં હિ વા ॥૪॥

અર્થ : હે કૃપાનિધિ ! આપના ઉપર જેઓ બળતા ઉંબાડીયા ના આકારવાળી (લાલચોળ) દષ્ટિ રાખે છે. તેને અગ્નિ સાક્ષાત્ (બાળી નાંખો, અથવા આ વચન બોલવાથી સર્યું. (તેવું ન બોલવું જ ઇષ્ટ છે કર્મ જ તેનું ફળ આપશે.) ॥૪॥

ત્વચ્છાસનસ્ય સામ્યં યે, મન્યન્તે શાસનાન્તરૈઃ ।
વિષેણ તુલ્યં પીયૂષં, તેષાં હન્ત ! હતાત્મનામ્ ॥૫॥

અર્થ : હે તીર્થ સ્થાપક ! જેઓ આપના શાસનને અન્ય શાસનોની સમાન-તુલ્ય માને છે. તે ખરેખર ખેદની વાત છે. અજ્ઞાનથી હણાયેલા તેઓને અમૃત પણ વિષ સમાન છે. ॥૫॥

અનેડમૂકા ભૂયાસુસ્તે યેષાં ત્વયિ મત્સરઃ ।
શુભોદર્કાય વૈકલ્યમપિ પાપેષુ કર્મસુ ॥૬॥

અર્થ : હે સર્વજ્ઞ ! જેઓ આપના પર ઈર્ષાળુ છે. તેઓ બહેરા અને મુંગા હો. કારણકે પરનિંદા શ્રવણાદિ પાપકાયમાં ઈન્દ્રિયોની ખામી પણ શુભ પરિણામ માટે જ છે. ॥૬॥

તેભ્યો નમોડઞ્જલિરયં, તેષાં તાન્સમુપાસ્મહે ।
ત્વચ્છાસનામૃતરસૈર્યૈરાત્માડસિચ્યતાન્વહમ્ ॥૭॥

અર્થ : હે સુધાકુંડ ! આપના શાસન રૂપ અમૃત વડે જેણે પોતાના આત્માને પ્રતિદિન સિંચ્યો છે. તેઓને અમારો નમસ્કાર છે. તેઓને અમે

બેહાથ જોડીએ છીએ. અને તેઓની અમે ઉપાસના કરીએ છીએ. ॥૭॥

ભુવે તસ્યૈ નમો યસ્યાં, તવ પાદનખાંશવઃ ।
ચિરં ચૂડામણીયન્તે, બ્રૂમહે કિમતઃ પરમ્ ? ॥૮॥

અર્થ : હે જગન્નાથ ! તે ભૂમિને નમસ્કાર હો. કે જ્યાં આપના ચરણોના નખોના કિરણો લાંબાકાળ સુધી ચુડામણિની જેમ શોભે છે, આથી વધુ શું કહીએ ? ॥૮॥

જન્મવાનસ્મિ ધન્યોઽસ્મિ, કૃતકૃત્યોઽસ્મિ યન્મુહુઃ ।
જાતોઽસ્મિ ત્વદ્ગુણગ્રામરામણીયકલમ્પટઃ ॥૯॥

અર્થ : હે ગુણ સમુદ્ર ! મારો જન્મ સફળ થયો છે. હુ ધન્ય (ભાગ્યવાન) છું. હું કૃતાર્થ થયો છું. કારણ કે વારં વાર આપના ગુણ સમુદ્રની રમણીકતામાં તન્મય (લંપટ) થયો છું. ॥૯॥

## પ્રકાશ-૧૬

ત્વન્મતામૃતપાનોત્થા, ઇતઃ શમરસોર્મયઃ ।
પરાણયન્તિ માં નાથ ! પરમાનન્દસમ્પદમ્ ॥૧॥

અર્થ : હે નાથ ! એક તરફ તમારા શાસ્ત્ર (આગમ) રૂપ અમૃત ના પાનની ઉઠેલા સમતારસ રૂપી તરંગો મને મોક્ષાની સંપદા (લક્ષ્મી)ને (બળાત્કારે) પ્રાપ્ત કરાવે છે. ॥૧॥

ઇતશ્ચાનાદિસંસ્કારમૂર્ચ્છિતો મૂર્ચ્છયત્યલમ્ ।
રાગોરગવિષાવેગો હતાશઃ કરવાયણિ કિમ્ ? ॥૨॥

અર્થ : તથા બીજી તરફ અનાદિ કાલના સંસ્કાર-થી ઉત્પન્ન થયેલો રાગ રૂપી સર્પના વિષનો વેગ મને અત્યંત મુંઝવે છે. આથી હતાશ બનેલો હું શું કરું ? ॥૨॥

રાગાહિગરલાઘ્રાતોઽકાર્ષ યત્કર્મવૈશસમ્ ।
તદ્વક્તુમપયશક્તોઽસ્મિ, ધિગ્મે પ્રચ્છન્નપાપતામ્॥૩॥

અર્થ : હે વિષહર ! રાગ રૂપી સર્પના ઝેરથી વ્યાપ્ત એવા મેં જે અનુચિત કાર્યો કર્યા છે તે કહેવા માટે હું સમર્થ નથી. તેથી તે મારા ગુપ્ત પાપી પણા ને ધિક્કાર હો ॥૩॥

ક્ષણં સક્તઃ ક્ષણં મુક્તઃ, ક્ષણં ક્રુદ્ધઃ ક્ષણં ક્ષમી ।
મોહાદ્યૈઃ ક્રીડયૈવાહં, કારિતઃ કપિચાપલમ્ ॥૪॥

અર્થ : હે મોહ નાશક ! હું ક્ષણવાર સંસારના સુખમાં આસક્ત બનું છું. તો ક્ષણવાર તે વિષયમોમાં વિરાગ પામું છું. ક્ષણવાર ક્રોધી તો ક્ષણવાર ક્ષમી બનું છું. મોહાદિની ક્રીડા વડે જ હું વાનર જેવો ચપળ બનાવાયો છું અર્થાત્ મોહાદિ મદારીએ વાનર જેવો ચપળ બનાવ્યો છે. ॥૪॥

પ્રાપ્યાપિ તવ સમ્બોધિં, મનોવાક્કાયકર્મજૈઃ ।
દુશ્ચેષ્ટિતૈર્મયા નાથ!, શિરસિ જ્વાલિતોઽનલઃ ॥૫॥

અર્થ : આપના સમ્યક્જ્ઞાન-દર્શન-રૂપ સંબોધિને પામીને પણ હે નાથ ! મન, વચન અને કાયાના વ્યાપારથી ઉત્પન્ન થયેલી દુષ્ટચેષ્ટાઓ વડે મેં

મારા મસ્તક પર અગ્નિને સળગાવ્યો છે. અર્થાત્ દુર્ગતિનું દુઃખ ઊભું કર્યું છે ॥૫॥

ત્વય્યપિ ત્રાતરિ ત્રાતર્યન્મોહાદિમલિમ્લુચૈઃ ।
રત્નત્રયં મે હ્રીયતે, હતાશો હા ! હતોઽસ્મિ તત્ ॥૬॥

અર્થ : હે ત્રાતા ! આપ જેવા રક્ષક હોવા છતાં મોહાદિ ચોરો મારા ત્રણ રત્ન (સમ્યક્ જ્ઞાનાદિ) ને હરી જાય છે. તેથી હા ! હતાશ થયેલો હું હણાયો છું. ॥૬॥

ભ્રાન્તસ્તીર્થાનિ દૃષ્ટસ્ત્વં, મયકસ્તેષુ તારકઃ ।
તત્તવાઙ્ઘ્રૌ વિલગ્નોઽસ્મિ નાથ ! તારય તારય ॥૭॥

અર્થ : હે નાથ ! હું ઘણા (બૌદ્ધાદિ) તીર્થો (દર્શનો)માં ફર્યો છું પણ તેમાં મેં એક આપને તારક જોયા છે. તેથી આપના ચરણોને વળગ્યો છું. માટે કૃપા કરીને તારો તારો ॥૭॥

ભવત્પ્રસાદેનૈવાહમિયતીં પ્રાપિતો ભુવમ્ ।
ઔદાસીન્યેન નેદાનીં તવ યુક્તમુપેક્ષિતુમ્ ॥૮॥

અર્થ : હે કરૂણાબુદ્ધિ ! આપની કૃપાથી (પ્રસાદથી) જ હું આટલી ભૂમિકાને (આપની સેવાની યોગ્યતાને) પામ્યો છું. માટે હવે ઉદાસી ભાવે ઉપેક્ષા કરવી આપના માટે યોગ્ય નથી. ॥૮॥

જ્ઞાતા તાત ! ત્વમેવૈકસ્ત્વત્તો નાન્યઃ કૃપાપરઃ ।
નાન્યો મત્તઃ કૃપાપાત્રમેધિ યત્કૃત્યકર્મઠઃ ॥૯॥

અર્થ : હે તાત ! આપ એકજ જ્ઞાતા છો. આપનાથી અધિક બીજો કોઈ દયાળુ નથી. અને મારાથી બીજો કોઈ દાયપાત્ર નથી. માટે આપનું જે કર્તવ્ય છે તેમાં તત્પર થાઓ અર્થાત્ મારા ઉપર કૃપા વરસાવો. ॥૯॥

## પ્રકાશ-૧૭

સ્વકૃતં દુષ્કૃતં ગર્હન્, સુકૃતં ચાનુમોદયન્ ।
નાથ ! ત્વચ્ચરણૌ યામિ, શરણં શરણોજ્ઝિતઃ ॥૧॥

અર્થ : હે નાથ ! કરેલા દુષ્ટકાર્યોની નિંદા કરતો અને કરેલા શુભકાર્યોની અનુમોદના કરતો શરણ

રહિત એવો હું આપના ચરણોના શરણને ગ્રહણ કરું છું ॥૧॥

મનોવાક્કાયજે પાપે, કૃતાનુમતિકારિતૈઃ ।
મિથ્યા મે દુષ્કૃતં ભૂયાદપુનઃ ક્રિયયાન્વિતમ્ ॥૨॥

અર્થ : હે ધર્મબોધક ! કરવા, કરાવવા અને અનુમોદન દ્વારા મન-વચન અને કાયાથી થયેલા પાપોને વિષે જે દુષ્કૃત થયું હોય, તે ફરીવાર નહિ કરવાની પ્રતિજ્ઞાપૂર્વક મિથ્યા થાઓ. ॥૨॥

યત્કૃતં સુકૃતં કિઞ્ચિદ્રત્નત્રિતયગોચરમ્ ।
તત્સર્વમનુમન્યેઽહં, માર્ગમાત્રાનુસાર્યપિ ॥૩॥

અર્થ : હે ત્રિરત્નધારક ! રત્નત્રયીનો માર્ગ (મોક્ષ) ને માત્ર અનુસરનારું એવું જે કાંઈ પણ સુકૃત કર્યું હોય. તે સર્વની હું અનુમોદના કરું છું. ॥૩॥

સર્વેષામર્હદાદીનાં, યો યોઽર્હત્ત્વાદિકો ગુણઃ ।
અનુમોદયામિ તં તં, સર્વં તેષાં મહાત્મનામ્ ॥૪॥

અર્થ : હે વિભુ ! અરિંત, સિદ્ધ, આચાર્યાદિ બધા

મહાત્માના. અરિહંતપણું, સિદ્ધપણું, પંચાચારમાં પ્રવીણપણું, સૂત્રોપદેશપણું અને રત્નત્રયીનું સાધકપણું. વિ.જેજે ગુણો છે તે તે સર્વ ગુણોની હું અનુમોદના કરું છું. ॥૪॥

ત્વાં ત્વત્ફલભૂતાન્ સિદ્ધાસ્ત્વચ્છાસનરતાન્મુનીન્ ।
ત્વચ્છાસનં ચ શરણં, પ્રતિપન્નોઽસ્મિ ભાવતઃ ॥૫॥

અર્થ : હે શરણ્ય ! આપનું, આપના ફલરૂપ સિદ્ધોનું, આપના શાસનમાં રતમુનિઓનું અને આપના શાસનનું, શરણ મેં ભાવથી સ્વીકાર્યું છે ॥૫॥

ક્ષમયામિ સર્વાન્સત્ત્વાન્સર્વે ક્ષામ્યન્તુ તે મયિ ।
મૈત્ર્યસ્તુ તેષુ સર્વેષુ, ત્વદેક શરણસ્ય મે ॥૬॥

અર્થ : હે ક્ષમામૂર્તિ ! બધા પ્રાણિઓને હું ખમાવું છું. તે બધા પ્રાણિઓ મને ખમાવો. આપનાજ એક શરણને પામેલા મને તે સર્વ પ્રાણિઓને વિષે મૈત્રિભાવ બની રહો. ॥૬॥

એકોઽહં નાસ્તિ મે કશ્ચિન ન ચાહમપિ કસ્યચિત્ ।
ત્વદઙ્ઘ્રિશરણસ્થસ્ય, મમ દૈન્યં ન કિઞ્ચન ॥૭॥

અર્થ : હે વીર ! હું એકલો છું. મારું કોઈ નથી. અને હું પણ કોઈનો નથી. છતાં પણ આપના ચરણના શરણમાં રહેલા મને જરાય દીનતા નથી. ॥૭॥

યાવન્નાપ્નોમિ પદવીં, પરાં ત્વદનુભાવજામ્ ।
તાવન્મયી શરણ્યત્વં મા મુઞ્ચ શરણં શ્રિતે ॥૮॥

અર્થ : હે શરણાગતવત્સલ ! જ્યાં સુધી આપના પ્રભાવથી પ્રાપ્તથનારી ઉત્કૃષ્ટપદવી-(મોક્ષ) મને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આપના શરણે રહેલા મારા ઉપર-શરણ્યપણાને (પાલક પણાને) છોડશો નહિ (કૃપાદૃષ્ટિ ત્યાગશો નહિ.) ॥૮॥

## પ્રકાશ-૧૮

ન પરં નામ મૃદ્વેવ, કઠોરમપિ કિઞ્ચન ।
વિશેષજ્ઞાય વિજ્ઞપ્યં સ્વામિને સ્વાન્તશુદ્ધયે ॥૧॥

અર્થ : હે જ્ઞાતા ! માત્ર મૃદુ શબ્દથી જ નહિ પરંતુ વિશેષજ્ઞ-અંતરના અભિપ્રાય ને જાણનાર,

એકાન્ત હિતકર એવા સ્વામિને પોતાની અન્તઃકરણની શુદ્ધિને માટે કાંઈક કઠોર વચનથી વિનંતિ કરવી જોઈએ. ॥૧॥

ન પક્ષિપશુસિંહાદિવાહનાસીનવિગ્રહઃ ।
ન નેત્રગાત્રવક્ત્રાદિવિકારવિકૃતાકૃતિઃ ॥૨॥

અર્થ : હે નિર્વિકાર ! અન્ય દેવની માફક આપનું શરીર ગરૂડાદિ પક્ષિ, વૃષભાદિ પશુ, અને સિંહાદિ વાહન પર આરૂઢ નથી, વળી આપની આકૃતિ પણ નેત્ર-લોચન-ગાત્ર-શરીર, અને મુખાદિના વિકારોથી વિકૃત થયેલી નથી ॥૨॥

ન શૂલચાપચક્રાદિશસ્ત્રાઙ્કકરપલ્લવઃ ।
નાઙ્ગનાકમનીયાઙ્ગપરિષ્વઙ્ગપરાયણઃ ॥૩॥

અર્થ : હે નિઃશસ્ત્ર ! આપના હાથમાં ત્રિશૂલ, ધનુષ્ય, ચક્રાદિ કોઈ શસ્ત્ર નથી. તેમજ હાથ મનોહર સ્ત્રીઓના સુંદર અંગને આલિંગન કરવામાં આસક્ત-તત્પર નથી ॥૩॥

ન ગર્હણીયચરિતપ્રકમ્પિતમહાજનઃ ।
ન પ્રકોપપસાદાદિવિડમ્બિતનરામરઃ ॥૪॥

અર્થ : હે મુનીન્દ્ર ! આપે નીંદનીય કાર્યોથી ઉત્તમ પુરુષોને કંપાવ્યા-ભયભીત કર્યા નથી, તેવી જ રીતે ક્રોધ અને મહેરબાની વડે દેવ અને મનુષ્યોને દુઃખી કર્યા નથી ॥૪॥

ન જગજ્જનનસ્થેમવિનાશવિહિતાદરઃ ।
ન લાસ્યહાસ્યગીતાદિવિપ્લવોપપ્લુતસ્થિતિઃ ॥૫॥

અર્થ : હે મુક્તિનાથ ! આપે બીજા દેવની જેમ જગતને ઉન્પન્ન, સ્થિર, કે વિનાશ કરવામાં આદર બતાવ્યો નથી. વળી નટ ના જેવી નૃત્ય, હાસ્ય અને ગીતાદિ ચેષ્ટાઓથી આપની મુદ્રા વિકારવાળી બની નથી. ॥૫॥

તદેવં સર્વદેવેભ્યઃ, સર્વથા ત્વં વિલક્ષણઃ ।
દેવત્વેન પ્રતિષ્ઠાપ્યઃ, કથં નામ પરીક્ષકૈઃ ? ॥૬॥

અર્થ : હે જગદીશ્વર ! તેથી આ પ્રકારના સઘળા દેવોથી સર્વ રીતે વિપરિત લક્ષણવાળા છો. તેથી પરીક્ષકોએ આપને દેવ તરીકે કેવી રીતે સ્થાપન કરવા ? ॥૬॥

અનુશ્રોતઃ સરત્પર્ણતૃણકાષ્ઠાદિયુક્તિમત્ ।
પ્રતિશ્રોતઃ શ્રયદ્વસ્તુ, કયા યુક્ત્યાપ્રતીયતામ્ ? ॥૭॥

અર્થ : હે દેવેન્દ્ર ! પર્ણ, તૃર્ણ, કાષ્ઠાદિ વસ્તુ પ્રવાહ ને અનુકુલ-પાછળ ચાલે છે તે યુક્તિવાળી વાત છે. પણ પ્રવાહને પ્રતિકૂલસામે ચાલે તે કઈ યુક્તિથી ખાત્રી-નિશ્ચિત કરી શકાય ? ॥૭॥

અથવાઽલં મન્દબુદ્ધિપરીક્ષકપરીક્ષણૈઃ ।
મમાપિ કૃતમેતેન, વૈયાત્યેન જગત્પ્રભો ! ॥૮॥

અર્થ : હે કર્મઠ ! કાર્ય નિષ્પન્ન વિભુ ! અથવા મન્દબુદ્ધિવાળા પરીક્ષકની પરીક્ષાઓ વડે સર્યું, અને મારે પણ અવા પ્રકારના (પરીક્ષા કરવાના). હઠાગ્રહથી સર્યું. ॥૮॥

યદેવ સર્વસંસારિજન્તુરૂપવિલક્ષણમ્ ।
પરીક્ષન્તાં કૃતધિયસ્તદૈવ તવ લક્ષણમ્ ॥૯॥

અર્થ : હે વિલક્ષણ ગુણધારક ! સર્વ સંસારી જીવોના સ્વરૂપથી જે કાંઈ વિપરિત-વિભન્ન સ્વરૂપ દેખાય છે. તેજ તારું લક્ષણ છે. એમ બુદ્ધિશાળીઓ પરીક્ષા કરો ॥૯॥

ક્રોધલોભભયાક્રાન્તં. જગદસ્માદ્વિલક્ષણઃ ।
ન ગોચરો મૃદુધિયાં, વીતરાગ ! કથઞ્ચન ॥૧૦॥

અર્થ : હે નિષ્કષાય ! આ આખું જગત ક્રોધ-લોભ - ભયથી વ્યાપ્ત છે. એનાથી આપ જુદા લક્ષણ - સ્વરૂપવાળા છો તેથી હે વીતરાગ ! મંદ બુદ્ધિવાળાઓને આપ દષ્ટિમાં આવતા નથી. ॥૧૦॥

## પ્રકાશ-૧૯

તવ ચેતસિ વર્તેડહમિતિ વાર્ત્તાડપિ દુર્લભા ।
મચ્ચિતે વર્ત્તસે ચેત્ત્વમલમન્યેન કેનચિત્ ॥૧॥

અર્થ : હે અંતર્યામિ ! આપના ચિત્તમાં હું રહું એવી વાર્તાપણ દુર્લભ-અશક્ય છે. પણ મારા ચિત્તમાં આપ રહો તે શક્ય છે અને જો તેમ થાય તો મારે બીજા કોઈની પણ જરૂર નથી ॥૧॥

નિગૃહ્યકોપતઃ કાંશ્ચિત્, કાંશ્ચિત્તુષ્ટ્યાઽનુગૃહ્ય ચ ।
પ્રતાર્યન્તે મૃદુધિયઃ, પ્રલમ્ભનપરૈઃ પરૈઃ ॥૨॥

અર્થ : હે નિર્દંભયોગિ ! બીજાને છેતરવામાં તત્પર એવા કુતીર્થિકો કેટલાકને કોપથી શ્રાપાદિ વડે અને કેટલાકને અનુગ્રહ (પ્રસાદ-વરદાનવિ.)થી અલ્પ બુદ્ધિવાળા લોકોને ઠગે છે.(જો મારા ચિત્તમાં રહો તો હું પણ ઠગાઉં નહિ) ॥૨॥

અપ્રસન્નાત્કથં પ્રાપ્ય, ફલમેતદસઙ્ગતમ્ ? ।
ચિન્તામણ્યાદયઃ કિં ન, ફલન્ત્યપિ વિચેતનાઃ ? ॥૩॥

અર્થ : હે મોહવિધ્વંસક ! રાગદ્વેષ રહિત એવા આપ ક્યારે પણ પ્રસન્ન નહિ થનારા આપની પાસેથી

ફળ કેમ પ્રાપ્ત થાય ? એ કહેવું યોગ્ય નથી. કારણકે ચેતના વિનાના ચિંતામણિ રત્નાદિ પણ શું વાંછિત ફળને આપતા નથી ? શું ફળતા નથી ? ॥૩॥

વીતરાગ ! સપર્યાસ્તવાજ્ઞાપાલનં પરમ્ ।
આજ્ઞાઽઽરાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ ॥૪॥

અર્થ : હે ધર્મ પ્રકાશ ! હે વીતરાગ ! આપની પૂજા-સત્કાર કરતાં આજ્ઞાપાલન શ્રેષ્ઠ-ઉત્તમ છે. આજ્ઞાનુંપાલન મોક્ષને માટે થાય છે અને વિરાધેલી આજ્ઞાસંસારનું કારણ બને છે ॥૪॥

આકાલમિયમાજ્ઞા તે, હેયોપાદેયગોચરા ।
આશ્રવઃ સર્વથા હેય, ઉપાદેયશ્ચ સંવરઃ ॥૫॥

અર્થ : હે વીર શિરોમણિ ! આપની આ આજ્ઞા હંમેશને માટે હેય-છોડવા લાયક. ઉપાદેય-આચરવા લાયકને બતાવનારી છે, અને તે એ છે કે. આશ્રવ-(કર્મના આવવાના કારણો) ત્યાગવા યોગ્ય છે અને સંવર. (કર્મને આવતા રોકવાના

કારણો ક્રિયા) આચરવા યોગ્ય, અંગીકાર કરવા યોગ્ય છે ॥૫॥

આશ્રેવા ભવહેતુઃ રયાત્સંવરો મોક્ષકારણમ્ ।
ઈતીયમાર્હતીમુષ્ટિરન્યદસ્યાઃ પ્રપઞ્ચનમ્ ॥૬॥

અર્થ : આશ્રવ ભવ-સંસારનું કારણ છે. સંવર મોક્ષનું કારણ છે. આ સર્વજ્ઞના ઉપદેશનું રહસ્ય-માખણ છે. અને બીજુ બધું (અંગઉપાંગ વિ). તેનો વિસ્તાર છે. ॥૬॥

ઈત્યાજ્ઞારાધનપરા અનન્તાં પરિનિર્વૃતાઃ ।
નિર્વાન્તિ ચાન્યે ક્વચન નિર્વાસ્યન્તિ તથાડપરે ॥૭॥

અર્થ : આવા પ્રકારની આજ્ઞાના પાલનમાં તત્પર અનંત આત્માઓ. (ભૂતકાળમાં) મોક્ષને પામ્યા છે અને બીજા કેટલાક કોઈક (મહાવિદેહ) સ્થાનમાં પામી રહ્યા છે અને બીજા અનંત ભવિષ્યમાં પામશે, ॥૭॥

હિત્યા પ્રસાદનાદૈન્યમેકયૈવ ત્વદાજ્ઞયા ।
સર્વથૈવ વિમુચ્યન્તે, જન્મિનઃ કર્મપઞ્જરાત્ ॥૮॥

અર્થ : હે મુક્તિદાતા ! બીજા દેવને ખુશકરવા કરવી પડતી ખુશામત ને છોડીને એક આપની આજ્ઞાના પાલન માત્રથી જ સર્વ રીતે જીવો કર્મના પાંજરામાંથી મુક્ત બને છે. ॥૮॥

## પ્રકાશ-૨૦

પાદપીઠલુઠન્મૂર્ધ્નિ, મયિ પાદરજસ્તવ ।
ચિરં નિવસતાં પુણ્યપરમાણુકણોપમમ્ ॥૧॥

અર્થ : હે વિશ્વવંદનીય ! આપના પાદપીઠમાં મસ્તક ને નમાવતાં મારા લલાટમાં પુણ્ય પરમાણુના કણિયા સમાન આપના ચરણ કમલની રજ બહુ કાલ સ્થિત રહો. ॥૧॥

મદ્દૃશૌત્વન્મુખાસક્તે, હર્ષબાષ્પજલોર્મિભિઃ ।
અપ્રેક્ષ્યપ્રેક્ષણોદ્દ્મતં ક્ષણાત્ક્ષાલયતાં મલમ્ ॥૨॥

અર્થ : હે કર્મ મલ નિવારક વિભુ ! આપનું મુખ જોવામાં આસક્ત બનેલા મારા નેત્રો પહેલાં નહિ જોવા યોગને જોવાથી ઉત્પન્ન થયેલાં

પાપમલને હર્ષાશ્રુના જલની ઊર્મિઓ-તરંગો-
વડે ધોઈ નાંખો ॥૨॥

ત્વત્પુરો લુઠનૈર્ભુયાન્મદ્ભાલસ્ય તપસ્વિનઃ ।
કૃતાસેવ્યપ્રણામસ્ય પ્રાયશ્ચિત્તં કિણાવલિઃ ॥૩॥

અર્થ : હે જીવ મૈત્રિધારક ! અસેવ્યને પ્રણામ કરવાવાળા કરુણાલાયક મારા આ લલાટને આપની આગળ, આળોટવા-નમાવવાથી પડેલ ડાઘ (દપરજ)ની શ્રેણી જ પ્રાયશ્ચિત રૂપ બનો ॥૩॥

મમ ત્વદર્શનોદ્ભૂતાશ્ચિર રોમાઞ્ચકણ્ટકાઃ ।
નુદન્તાં ચિરકાલોત્થામસદર્શનવાસનામ્ ॥૪॥

અર્થ : હે નિસ્પૃહ શિરોમણિ ! આપના દર્શનથી મારા ઉત્પત્ન થયેલા રોમાંચ રૂપી કંટકો દીર્ઘ કાલથી ઉત્પન્ન થયેલી કુદર્શનની વાસનાનો અત્યંત નાશ કરો. (પીડા કરો. દુઃખ દ્યો) ॥૪॥

ત્વદ્વક્ત્રકાન્તિજ્યોત્સનાસુ નિપીતાસુ સુધાસ્વિવ ।
મદીયૈર્લોચનામ્ભોજૈઃ પ્રાપ્યતાં નિર્નિમેષતા ॥૫॥

અર્થ : હે જ્ઞાન જ્યોત્સના સદ્મ ! અમૃત સમાન આપના મુખની કાન્તિ રૂપ જ્યોત્સનાને (પીતા)- પીધેલાં મારા નેત્રરૂપી કમળો નિર્નિમેષતાને પામો અર્થાત્ સ્થિર બનો, અમરત્વ પ્રાપ્ત કરો. ॥૫॥

ત્વદાસ્યલાસિની નેત્ર ત્વદુપાસ્તિકરૌ કરૌ ।
ત્વદ્ગુણશ્રોતૃણી શ્રોત્રે, ભૂયાસ્તાં સર્વદા મમ ॥૬॥

અર્થ : હે જગત્સુખકર ! મારાં બે નેત્રો આપનું મુખ જોવામાં સદાલાલસાવાલા (ઉત્સાહિત)બનો, મારાં બે હાથ આપની સેવામાં સર્વથા તત્પર બનો, અને મારાં બે કાન આપના ગુણ સાંભળવામાં તલ્લીન બનો. ॥૬॥

કુણ્ઠાડપિ યદિ સોત્કણ્ઠા, ત્વદ્ગુણગ્રહણં પ્રતિ ।
મમૈષા ભારતી તર્હિ, સ્વસ્ત્યેતસ્યૈ કિમન્યયા ? ॥૭॥

અર્થ : હે શારદાભૂષણ વિશ્વવિભુ ! સ્થૂલ એવી પણ આ મારી વાણી જોઈ આપના ગુણોનું ગ્રહણ (વર્ણન) કરવા તત્પર હોય તો તેનું કલ્યાણ થાઓ. તે સિવાય બીજી વાણીથી શું ? ॥૭॥

તવ પ્રેષ્યોऽસ્મિ દાસોऽસ્મિ સેવકોऽસ્મ્યસ્મિ કિઙ્કરઃ।
ઓમિતિ પ્રતિપદ્યસ્વ નાથ ! નાતઃ પરં બ્રુવે ॥૮॥

અર્થ : હે અનાથ નાથ ! હું આપનો સંદેશ વાહક છું હું નોકર છું. સેવક છું. અને હું દાસ (ગુલામ)છું. માટે હા આ પ્રમાણે છે એ પ્રમાણે આપ સ્વીકાર કરો. આથી અધિક હું કાંઈ કહેતો નથી. ॥૮॥

શ્રીહેમચન્દ્રપ્રભવાદ્વીતરાગસ્તવાદિતઃ ।
કુમારપાલભૂપાલઃ, પ્રાપ્નોતુ ફલમીપ્સિતમ્ ॥૯॥

અર્થ : શ્રી હેમચંદ્ર સૂરિએ રચેલા આ શ્રી વીતરાગ સ્તોત્રથી શ્રી કુમારપાલ ભૂપાલ મુક્તિકર્મવય રૂપ ફલને પ્રાપ્ત કરો.-ઈચ્છત પ્રાપ્ત કરો ॥૯॥

# શત્રુંજયની પાંચ સ્તુતિ

વિદ્યાધરોને ઈન્દ્રદેવો, જેહને નિત પૂજતા,
દાદા સીમંધર દેશનામાં, જેહના ગુણ ગાવતા,
જીવો અનંતા જેહના, સાન્નિધ્યથી મોક્ષે જતા,
તે વિમલ ગિરિવર વંદતા, મુજ પાપ સહુ દૂરે થતાં. ||૧||

ષટ્ખંડના વિજયી બનીને ચક્રીપદને પામતા,
ષોડશ કષાયો પરિહરીને સોલમા જિન રાજતા,
ચૌમાસ રહી ગિરિરાજ પર જે ભવ્યને ઉપદેશતા,
તે શાંતિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ||૨||

જે આદિ જિનની આણ પામી સિદ્ધગીરી એ આવતા,
અણસણ કરી એક માસનું મુનિ પંચક્રોડશું સિદ્ધતા,
જે નામથી પુંડરિકગિરિ એમ તિહું જગત બિરદાવતા,
પુંડરિક સ્વામી વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ||૩||

જેનું ઝરતું ક્ષીર પુણ્યે મસ્તકે જેને પડે,
તે ત્રણ ભવમાં કર્મ તોડી સિદ્ધિ શિખરે જઈ ચડે,
જ્યાં આદિજિન નવ્વાણું પૂર્વ આવી વાણી સુણાવતા,
રાયણ પગલા વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ||૪||

જે રાજરાજેશ્વર તણી અદ્ભુત છટાએ રાજતા,
શાશ્વત ગિરિના ઉચ્ચ શિખરે નાથ જગના શોભતા,
જેઓ પ્રચંડ પ્રતાપથી જગમોહને નિવારતા,
તે આદિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ||૫||

# पूज्य गुरूदेव का संदेश

क्षमा ही जिनधर्म का सार है, उस के ही
प्रभाव से दिल में जलती हुई क्रोध की
अग्निज्वाला शान्त होती है। पवित्र प्रेम-
पैदा होता है मैत्री की सुवास उत्पन्न होती है।
मैत्री के द्वारा हम वैर विरोध को शान्त करके
सभी जीवों के मित्र बनते हैं! सभी लोक हमको
चाहते हैं। सब का हित चाहना और हित-परोपकार
करना यही मनुष्य जीवन का सार है
क्षमा- मैत्री और परोपकार से प्रभु कृपा को
प्राप्त कर जीवन सफल बनाओ यही शुभ कामना

वि. कलापूर्ण सूरि का धर्मलाभ